

# રાજકોટ-સૌરાષ્ટ્ર

તા.૧૩-૯-૧૭ બુધવાર - ૨

www.avadhtimes.net- E-mail-rajkotavadhtimes@gmail.com

મો. ૯૪૨૮૦ ૪૦૪૦૧




# રાજકોટ ડેરીના ચેરમેન ગોવિંદભાઇ રાણપરીયાને પતાવી દેવાનો પ્રયાસ

**દૂધસાગર રોડ પર ડેરી પાસે જ બનેલો બનાવ : ઇનોવામાં ગોવિંદભાઇ સાથે જામકંડારણાના સરપંચ જસમતભાઇ કોયાણી પણ હતાં :ટેન્કરના ટેન્ડર બાબતે ડખો કરનાર વીછીયાના ગોવિંદ રબારીએ ઇનોવા કાર પર ટેન્કર ચડાવી દેવા પ્રયાસ કર્યો : થોરાળા પોલીસમાં ગુન્હો નોંધ્યો**

રાજકોટ,

રાજકોટ ડેરીના ચેરમેન ગોવિંદભાઈ શામજીભાઈ રાણપરીયાની ઈનોવા કાર પર ટેન્કર ચડાવી હત્યાનો પ્રયાસ કરવાનો બનાવ બનતાં સરભરાટ મચી ગયો છે.

જામકંડોળાના સાજણીયાળીમાં રહેતા રાજકોટ જિલ્લા દૂધસંઘના ચેરમેન ગોવિંદભાઈ રાણપરીયાની કાર જી.જે.૩ એફ.કે.૧૦૭૬ છેલ્લા ૧૦ વર્ષથી ચલાવતાં છગનદાસ હરદાસભાઈ રાણપરીયાએ જણાવ્યું કે ગઈ કાલે બપોરે દોઢ વાગ્યે હું ઈનોવા કાર ૧૦૭૬માં મારા પિતરાઈ ભાઈ ગોવિંદભાઈ તથા જામકંડોળના સરપંચ જસમતભાઈ નારદભાઈ કોયાણીને બેસાડી રાજકોટ ડેરીએ આવ્યો હતો. અમારી કાર એચ.જે.સ્ટીલથી ડેરી તરફ જતી હતી ત્યારે કારખાનાના ગેઈટથી ૫૦ ફુટ દૂ દૂધનું એક ટેન્કર અચાનક ઓવરટેક કરી સામે આવ્યું હતું. ચાલકે ક્લિનર સાઈટે ટેન્કર દબાવી અમારી કાર ઉપર ચડાવી દેવા પ્રયાસ કર્યો હતો તેનો ડ્રાઈવર ગોવિંદ ભગા કટારા હતો. જો કે સમય સુચકતા વાપરી કાવો મારીને કાર હટાવી લેતા બચી ગયા હતા આ બનાવ અંગે કોરાળા પોલીસમાં હજી ખોરાળા ગુનો દાખલ થયો છે. આ બનાવ અંગે ખળભળાટ મચી ગયાની સાથે અનેક જાતની ચર્ચાઓ પણ જાગી છે.

# વેરાવળમાં સ્વાઇન ફલુના રોગચાળા સામે બ્રહ્મક્ષત્રીય યુવક મંડળ દ્વારા ઉકાળા વિતરણ

**સ્વાઇનફલુ રોગના પ્રતિકાર માટે સેવાકીય આયોજન**

વેરાવળ,

બ્રહ્મક્ષત્રિય યુવક મંડળ, વેરાવળ, ગીર સોમનાથ દ્વાલા હાલ સ્વાઈનફ્લુ નો વાઈરસ ખુબજ ફેલાઈ રહ્યો હોય ને આપણા વેરાવળ માં પણ કેટલાક લોકો ના મૃત્યુ થયા છે. ને બીજા પોઝેટીવ કેસ હોસ્પીટલો માં છે. સમાચાર વહેતા થયા હોય ને સ્વાઈનફ્લુ વકરી રહ્યો હોય જેને ધ્યાને લઈ આજે તા.૧૦/૯/૧૭ ના રોજ બ્રહ્મક્ષત્રિય યુવક મંડળ, વેરાવળ ના પ્રોજેકટ ઈન્ચાર્જ મનદિપ દિપકભાઈ સિંધવડ તેમજ હિમાંશુ લૈયા, રાજ પડીયા, કાનન મથૅક, તેમજ તેમની યુવક મંડળ ની દ્વારા સરકારી આયુઁવેદીક દવાખાના પ્રભાસ પાટણ (સોમનાથ) ડો.શ્રી પિયુષભાઈ પંપાણીયા સાહેબના માગૅદશૅન હેઠળ સ્વાઈનફ્લુ પ્રતિરોધક ઉકાળાના વિતરણ નું આયોજન બ્રહ્મક્ષત્રિય જ્ઞાતી ની વાડી ઉપર રાખવામાં આવેલ હતું જેમા આશરે ૧૭૫ થી ૨૦૦ જ્ઞાતીબંધુઓ એ આ સ્વાઈનફ્લુ પ્રતિરોધક ઉકાળા પીવાનો લાભ લીધેલ હતો ને પોતાના પરીવાર જનો માટે પાસૅલ લઈ ગયા હતા પાસૅલ સુવિધા માટે સ્ટીલ વાસણ કે કાચ બોટલમાં આપવામાં આવેલ પ્લાસ્ટીક બોટલ કે થેલીમાં એક પણ વ્યકતી ને આપવામા આવેલ ન હતું આ કાયૅક્રમમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતી ઉપ્રમુખ્ખ શ્રી અનિલભાઈ મંકોડીયા તેમજ દિપકભાઈ સિંધવડ, મયુરભાઈ જાડા, સુરેશભાઈ જોગી એ યુવક મંડળને પૂરતો સહયોગ કરી આ શુભકાયૅકરવા પ્રોત્સાહીત કરેલ હતા.

## ગુજરાતની અર્બન કો-ઓપરેટીવ બેંકો દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાને રૂપિયા ૭૨ લાખની સહાય અપાશે



બનાસકાંઠા,

ઉ ાર ગુજરાત અને રાજસ્થાનમાં અતિવૃષ્ટિ તેમજ નદીમાં પુર આવવાનાં કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વિસ્તાર ઉપર કુદરતી આફત આવી પડી છે જેમાં જાન માલ તથા પશુધનને ખુબજ મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે આ કુદરતની આફતની ઘડીમાં બનાસકાંઠા તથા પાટણ જિલ્લાને સહાય કરવાનાં હેતુથી અર્બન બેન્કો દ્વારા રૂા.૮૪.૩૫ લાખ તેમજ રાજય સહકારી બેંક તેમજ ડીસ્ટ્રીક ઓ-ઓપ બેંકો મળીને રૂા.૧૧૨.૦૦ લાખ આમ કુલ રૂા.૧૯૬.૩૫ લાખથી વધુ રકમ મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં આપવામાં આવી છે.જે પૈકી રૂા.૭૨.૩૮ લાખની રકમનો ચેક ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશનનાં ચેરમેનશ્રી જયોતીન્દ્ર વાઈસ ચેરમેનશ્રી ડોલરરાય કોટેચા તથા બોર્ડના ડિરેકટરશ્રીઓ તથા અગ્રગણ્ય બેંકના ચેરમેનશ્રીઓને હાજરીમાં માન.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ગાંધીનગર ખાતે તા.૫/૯/૨૦૧૭ને મંગળવારનાં રોજ સુપ્રત કરવામાં આવ્યો.

# ભોરીંગડામાં વિચરતી- વિમુક્ત જાતિના બાળકોના વાલીઓનુ સંમેલન યોજાયુ

**સરકારશ્રી દ્વારા સમાજ કલ્યાણ દ્વારા મળતી યોજનાઓનો પરીચય અપાયો**

ભોરીંગડા,

ભોરીંગડા. વિચરતી–વિમુક એવી જાતિઓના બાળકોને ધોરણ–૬ થી ૧૨ સુધી રહેવા–જમવા સહિત ભણવાની વ્યવસ્થા સરકારશ્રીના ખર્ચે ચાલતી યોજના એટલે સમાજ કલ્યાણ ખાતાની યોજના ના લાભાર્થી એવા ૭૨ વિદ્યાર્થીઓના વાલી સંમેલનમાં માતા–પિતા ના અભિપ્રાય લેવા શાળાની સ્થળ તપાસ અને વ્યવસ્થાથી સંતોષ છે કે કેમ? તે વિષે યોજાયેલ વાળી સંમેલન પ્રસંગે ખાસ ઉપસ્થિત જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી ભાલાળા સાહેબે વાલીગણ તથા વિદ્યાર્થીની માહિતી મેળવી હતી વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ એ સંતોષ કારક જવાબ આપી પોતાના બાળકોના શિક્ષણ કાર્ય વ્યવસ્થાથી ખુશ થયેલા અધિકારીશ્રી ભાલાળા સાહેબે વાળી ગણ અને વિદ્યાર્થીઓને યોજના તથા સરકારશ્રી ની પ્રયાસોની વિવિધ યોજનાઓનો વિશેષ પરિચય આપ્યો હતો તથા વાલીગણ સરકારશ્રીના પ્રયાસોને સફળ બનાવવા વાલીગણને હાકલ કરી હતી તથા શાળાના યોજનાને સફળ બનાવવાના આયોજનથી સંતોષવ્યક કર્યો હતો .આ પ્રસંગે શાળા ડીરેક્ટર પાર્થભાઈ ભાવસાર સાહેબ ઉપસ્થિત રહેલ અને વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્યળ,અતે પ્રોત્સાહન માર્ગદર્શન આપેલ

## ઉના તાલુકાના ૧૩ ગામોમાં નર્મદારથ યાત્રા પરીભ્રમણ

રાજકોટ,રાજ્યભરમાં ઉમંગ–ઉત્સાહ પુર્વક મા નર્મદારથ યાત્રાનું પરિભ્રમણ થઈ રહ્યું છે. જેના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લાનાં ઉના તાલુકાનાં ગરાળ ગામે તા. ૧૩ સપ્ટેમ્બર ના રોજ સવારે ૮ કલાકે મા નર્મદારથ યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે. સબંધિત ગામના અગ્રણીશ્રીઓ અને ગ્રામજનો દ્વારા મા નર્મદારથ યાત્રાનું સ્વાગત–પુજન કરી વધામણા કરાશે.

ઉના તાલુકાના સુલતાનપુર, નાઠેજ, કણેકબરડા, સામતેર, ગાંગડ, પસવાળા, સોંદરડા, ખત્રીવાડા, ગુંદાળા, વાજડી, ખાપટ અને ઉના શહેર સહિત ૧૩ ગામોમાં મા નર્મદા રથ યાત્રાનું પરિભ્રમણ કરવામાં આવશે. અનેરા થનગનાટ સાથે નર્મદા રથ યાત્રાને ગ્રામજનો દ્વારા વધામણા કરી આવકારવામાં આવશે.

# ઊનાના તુલસીશ્યામ જંગલ વિસ્તારમાં ૩ કલાકમાં ૩ ઇંચ વરસાદ ખાબક્યો

**શાહી નદીમાં ઘોડાપુર : નંગડીયાના બેઠા પુલ ઉપર ઘોડાપુર ભાવનગર જુનાગઢ પંથકમાં ઝાપટાથી ૨ ઇંચ વરસાદ ખાબક્યો**

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં અસહ્ય ઉકળાટ વચ્ચે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયાં હતાં આજે ઊનાના તુલસીશ્યામ જંગલ વિસ્તારમાં ૩ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ શાહી નદીમાં અને નંગડીયા ગામના બેઠા પુલ પર ઘોડાપુર આવ્યા હતાં. ભાવનગર જુનાગઢ પંથકમાં ઝાપટાથી બે ઈંચ વરસાદ પડયો છે. ગીર સોમનાથના તાલાળા ગીરમાં ૪૩ મીમી અને ગીર ગઢડામાં ૧૯ મીમી, ભેસાણમાં ૩ મીમી, જુનાગઢમાં ૩૯, મેંદરડામાં ૨૬, મહુવામાં ૪, પાલિતાણા ૩, ઉમરાળા ૧૦, વલભીપુરમાં ૨, ગારીયાધારમાં ૨૯ મીમી વરસાદ પડયાના વાવડ મળ્યા છે.

# માં નર્મદાનું મોરબી વિસ્તારને પાણી મળતા પીવાના પાણીનો પ્રશ્ન ભુતકાળ બની ગયો છે : રાજયમંત્રીશ્રી કવાડીયા

**નર્મદા રથના હળવદ તાલુકાના ગ્રાગજનો દ્વારા સામૈયા થયા**

રાજકોટ,માં નર્મદા મહોત્સવની રાજય વ્યાપી થઈ રહેલા ઉજવણી અંતર્ગત મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં ગ્રામ ગર્હિ નિર્માણ રાજયમંત્રીશ્રી જયંતીભાઇ કવાડીયાની પ્રેરક ઉપસ્થિતમાં અજીતગઢ, માનગઢ, નવા ઘાટીલા અને ટીકર ગામોમાં માં નર્મદા યાત્રા રથનાં ગ્રામજનો દ્વારા અને ઉત્સાહભેર સામૈયા કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગ યોજાયેલ કાર્યૂમમાં રાજયમંત્રીશ્રી જયંતીભાઇ કવાડીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્ભાઈ મોદીએ ગુજરાતના ખેડુતો માટે સમૃધ્ધિ ના દ્વારા ખોલનાર નર્મદા ડેમના દરવાજા લગાવવાની વર્ષો જુની માંગણી હતી તેને સત્તા સંભાળવાના થોડા દિવસમાંજ મંજુરી આપી દીધી એટલુજ નહિ આ કામ ઝડપી પૂર્ણ થાય તે માટે કાર્ય આરંભી પૂર્ણ પણ કરી દેવાયું જેનાથી સૌરાષ્ટ્રના વિસ્તારોને નર્મદાના પાણીથી ઘણોજ ફાયદો થશે. તેમ તેમણે જણાવી આ સરકાર યુવા ,ગરીબ, વૃધ્ધો સહિત તમામ વર્ગના લોકોના વિકાસ માટે કાર્ય કરી રહી છે.તેમ તેમણે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ આ મોરબી, હળવદ વિસ્તારને નર્મદાનું પુરતુ પીવાનું પાણી મળતા પીવાના પાણીનોપ્રશ્ન ભુતકાળ બની ગયો છે. તેમ જણાવ્યું હતું.

આ કાર્યૂમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.એમ.ખટાણા, આસી.કલેકટર શ્રી અજય દહિયા હળવદ માર્કેટીંગ યાર્ડના ચેરમેનશ્રી રણછોડભાઈ પટેલ, શ્રી રજનીભાઈ સંઘાણી, તથા ગ્રામ્ય સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપલેટમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

રાજકોટ,રાજ્ય સરકાર દ્વારા જરૂરિયાતમંદો માટે સરકારી સહાય, પ્રવૃતિઓ તથા લોકઉપયોગી યોજના અન્વયે અરજદારોના દાખલા તેમજ જરૂરી પ્રશ્નોનું એક જ જગ્યાએ સ્થળ પર નિરાકરણ આવે તેમજ વહીવટમાં પારદર્શિતા વધે તે અર્થે રાજ્ય સરકાર દ્વારા 'સેવા સેતુ કાર્યૂમનું આયોજન કરવામાં આવે છે.ઉપલેટા નગરપાલિકાનો સેવા સેતુ કાર્યૂમ તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ સર ભગવતસિંહજી કન્યા શાળા ખાતે સવારે ૯:૦૦ વાગ્યે યોજાશે. નાગરિકોને આ કાર્યૂમનો લાભ લેવા વહીવટી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.'સેવા સેતુ કાર્યૂમમાં આવક, જાતિ, ૂીમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્રને લગતા દાખલો, રાશન કાર્ડને લગતી અરજીઓ, આધાર કાર્ડને લગતી અરજીઓ, 'માં અમૃતમ અને વાત્સલ્ય કાર્ડમાં નોંધણી અને કાર્ડ ઈસ્યુ, વરિષ્ઠ નાગરિક, દિવ્યાંગ પ્રમણપત્ર, વિધવા સહાય, વૃદ્ધ નિરાધાર સહાય, જમીન માપણી, વીજળી, જન્મ મરણના દાખલા, બાજપેયી બેન્કેબલ તેમજ પ્રધાનમંત્રી જન ધન યોજના જેવી બાબતોના સ્થળ પર નિકાલ તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકા નો સંપર્ક કરવા ઉપલેટા નગરપાલિકાની યાદીમાં જણાવ્યું છે.

## ઉનામાં જુગાર રમતા ૨૩ શખ્સો ૧૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

ઉના,

ઉના વાડી વિસ્તારમાં આરઆરશેલની ટીમે જુગારનો દરોડો પાડી જુગાર રમતા ૨૩ શખ્સોને રૂ.૧૬.૧૪ લાખના મુદામાલ સાથે પકડી પાડયા છે.આ દરોડા દરમિયાન બે શખ્સો નાસી છુટયા હતા.તેને પકડવા તજવીજ હાથ ધરી છે.

# ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં નવનિયુક્ત ઉમેદવારોને નિમણુંક પત્ર અપાયા

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ના હસ્તે એનાયત**



રાજકોટ,મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં એક જ વર્ષમાં ૮૦ હજાર યુવાઓને નવનિયુકિ આપીને વિૂમસર્જક રોજગારી આપી છે તેમ ગૌરવસહ જાહેર કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આ સરકારે પારદર્શી પદ્ધતિએ કોઈ જ લાગવગશાહી કે ભલામણ નહીં, પરંતું માત્રને માત્ર મેરિટ આધારે નિમણૂંક આપી છે. સેન્સર બેઈઝડ ડ્રાઈવીંગ ટેસ્ટ લઈને સરકારે નિમણૂંક કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.ભૂતકાળની જેમ કોઈ વચેટિયા કે લાગવગશાહીથી નોકરી આપવાની સમગ્ર બાબતને તિલાંજલી આપી તેમણે નવી નિમણૂંક મેળવનારા આ ઉમેદવારોને રાજ્ય સરકાર વતી અભિનંદન સાથે ટીમ ગુજરાતમાં આવકાર્યા હતા. મુખ્ય મંત્રીશ્રીએ સ્પષ્ટાપણે જણાવ્યું છે કે એસ.ટી.નિગમ નફો કરવાનું માધ્યમ નહિં, ગ્રામીણ, ગરીબ અંતરિયાળ વિસ્તારના સામાન્ય માનવીની સેવાનું માધ્યમ છે.તેમણે કહ્યું કે, ખાનગી ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે સ્પર્ધા કરીને પણ સેવાઓ વિકસાવી છે. સાથોસાથ સામાન્ય નાગરિકોની સુવિધાઓને પણ સરકારે નજરે રાખી છે. અભ્યાસ કરતી બહેનો, દિવ્યાંગો, સ્વાર્તે સેનાનીઓને એસ.ટી.બસોમાં કન્સેશન આપીને પણ આ સેવાભાવથી એસ.ટી.બસોનું સંચાલન કરીએ છીએ. રાજ્ય સરકાર એસ.ટી.નું નુકશાન વેઠીને પણ સેવા પરાયણતાથી કાર્યરત રહી છે અને જન સેવાનો વિશ્વાસ પ્રજાએ મૂક્યો છે તે જાળવી રાખ્યો છે..મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં યોજાયેલા એક ગૌરવશાળી સમારોહમાં ગુજરાત એસ.ટી.માં નિમણૂંક પામેલા ૨૬૨૦ ડ્રાઈવર અને ૫૫૬ વહિવટી સ્ટાફ મળી ૩૧૭૬ નિયુકઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કર્યા હતા.શ્રી વિજયભાઈ સ્પષ્ટ પણે જણાવ્યું કે, આજે જે નિમણૂંકો અપાઈ છે તેમાં ક્યાંય કોઈ ભ્રષ્ટારચાર થયો નથી. કોઈ પરિવારે મા–બાપે દાગીના–ઘર વેચીને નોકરી મેળવવા માટે પૈસા કોઈને આપવાં પડ્યા નથી.તેમણે કહ્યું કે, અગાઉની કોંગ્રેસ સરકારોએ ભરતી ઉપર પ્રતિબંધ મૂકી દેતાં જગ્યાઓ ખાલી રહેતી, બેરોજગારી વધતી પરંતુ આ સરકારે મેન–પાવર પ્લા નીંગથી રીૂટમેન્ટ કેલેન્ડર બનાવીને અનેક રોજગાર અવસર આપ્યાગ છે. મુખ્યમંત્રીશ્રીએ નવનિયુક ડ્રાઈવરોને સમાજના સૌની સલામતિના સારથીની ઉપમા આપતાં કહ્યું કે, રાજ્યની સેવામાં જોડાઈ રહેલા આ નવયુવા ઉમેદવારોના હાથમાં પ્રજા વર્ગો– મુસાફરોની સલામતી મૂકાવાની છે. તેમણે એસ.ટી.બસમાં વધુ સલામતીમાં સુરક્ષા છે એવો ભરોસો–વિશ્વાસ પ્રજાએ મૂક્યો છે તે જાળવી રાખવા આ નવનિયુક ઉમેદવારોને હ્રદયસ્પર્શી અપિલ કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત એસ.ટી.માં જોડાઈ રહેલા નવ યુવાઓ પોતાના ખંત, નિષ્ઠો અને કર્તવ્ય પરાયણતાથી એસ.ટી. નિગમની સેવાઓને દેશમાં ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસનું મોડેલ બનાવે એવું પ્રેરક આહવાન કર્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં બસ પોર્ટ જેવા નવીન એસ.ટી. બસમથકો, વોલ્વો જેવી આધુનિક બસ સેવાઓ, ડિઝલમાં બચાવમાં અગ્રેસરતા સહિતના નવાં ક્ષેત્રોમાં ગુજરાત એસ.ટી.નિગમ પદાર્પણ કરી રહ્યું છે તેની છણાવટ કરી હતી. વાહન વ્યવહાર રાજ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ કાકડિયાએ જણાવ્યું કે, એસ.ટી.નિગમ ૭ હજાર એસ.ટી. બસ અને ૪૫ હજાર કર્મચારીઓ દ્વારા પરિવહનની સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડે છે. તેમણે જણાવ્યું કે, સરહદ પરના સૈનિકની જેમ એસ.ટી. નિગમના ડ્રાઈવર–કંડકટરો કોઈપણ પ્રકારના તહેવારો, વિપરિત સંજોગો વચ્ચે પણ સતત કાર્યરત રહી ખરા અર્થમાં કર્મયોગ કરે છે. તેમણે જણાવ્યું કે, એસ.ટી. ના આધુનિકરણ માટે ગત વર્ષે ૧૬૦૦ બસો નવી મુકાઈ હતી. આગામી વર્ષે પણ નવી ૩૨૦૦ બસ જનસેવા માટે મુકાવાની છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રીમતી સોનલ મિશ્રાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. એસ.ટી.નિગમના જનરલ મેનેજર (આપરેશન) શ્રી એસ.કે.પ્રજાપતિએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી ડૉ. નિર્મલાબેન વાધવાણી, સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય સર્વ શ્રી અરવિંદભાઈ પટેલ, ભૂષણભાઈ ભટ્ટ, સુરેશભાઈ પટેલ, કિશોરભાઈ, મેયર શ્રી ગૌતમભાઈ શાહ, વાહન વ્યવહાર વિભાગના અગ્રસચિવ શ્રી વિપૂલ મિત્રા, એસ.ટી.કર્મચારી વહીવટી મંડળના સભ્યશ્રીઓ, એસ.ટી. નિગમના વરિષ્ઠ અધિકારીઓ, નિમણૂંક મેળવનાર લાભાર્થી ભાઈ–બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગોરધનપર, સરમત, વસઇ અને નાઘેડી ગામે પ્રાથમિક શાળા તથા કોમ્યુણિટી હોલનું લોકાર્પણ

**જામનગરના સાંસદ શ્રી પુનમબેન માડમના હસ્તે સંપન્ન**

જામનગર,ગુજરાત જામનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ યુ.ડી.પી.–૭૮, ૨૦૧૬–૧૭ યોજના અંતર્ગત જાડા દ્વારા નિર્મિત ગોરધનપર, સરમત તથા નાઘેડી ગામોમાં પ્રાથમિક શાળા તેમજ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ તથા નાઘેડી ખાતે સી.સી. રોડનું ખાતમુર્હુત સાંસદશ્રી પૂનમબેન માડમના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ કાર્યૂમમાં સાંસદશ્રી દ્વારા રિબિન કાપી પ્રાથમિક શાળાઓનું તક્તી દ્વારા અનાવરણ કરવામાં આવ્યુ હતુ તેમજ દિપ પ્રાગટ્ય કરી કાર્યૂમની શરૂઆત કરવામાં આવી હતી.સાંસદશ્રી પૂનમબેન માડમે જાડા દ્વારા નિર્મિત લોકઉપયોગી કામોની માહિતી આપતા જણાવ્યુ હતુ કે,જાડા વિસ્તારમાં આવતા ગામો પૈકી સરમત ગામે રૂ.૨૫.૫૧ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલ તથા રૂ.૨૩.૬૧ લાખના ખર્ચે શાળાના ૨ ઓરડા બનાવવામાં આવેલ છે. નાઘેડી ગામે રૂ. ૨૬ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવવામાં આવેલ છે. ગોરધનપર ગામે રૂ.૪૩.૫૮ લાખના ખર્ચે શાળાના ૪ ઓરડા બનાવવામાં આવેલ છે. જાડા વિસ્તારમાં આવતા ગામોમાં જાડા દ્વારા બનાવેલ સ્કુલ રૂમ તથા કોમ્યુનિટી હોલ માટે કમ્પાઉન્ડ વોલના બાંધકામ પ્રગતિ હેઠળ છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૧૩૦ લાખ થશે. જાડા વિસ્તારના વધુ ગામોનો વિકાસ આવરી લેવા માટે હજુ વધારે ૩૦ શાળાના ઓરડાઓ તથા ૧૦ કોમ્યુનિટી સેન્ટર બનાવવાનું આયોજન કરેલ છે, જે ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૫૧૦ લાખ થશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી વસુબેન ત્રિવેદી, કંડલા પોર્ટ ટ્રસ્ટના ડાયરેક્ટરશ્રી આર.સી. ફળદુ, પૂર્વ ધારસભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ, જાડાના ચેરમેનશ્રી દિલિપસિંહ ચુડાસમા, મેયરશ્રી પ્રતિભાબેન કનખરા, જીલ્લા ભાજપ પ્રમુખ ચંન્દ્રેશભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીની ચેરમેનશ્રીકમલાસિંગ રાજપુત,અગ્રણી દિલિપભાઈ ભોજાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મુકેશ પંડ્યા તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઊનામાં તપોવન આશ્રમ પાસે વાડીમાં જુગારના દરોડા

ઊના,

ઊના શહેરમાં ઘણાં સમયથી જુગાર, દારૂ, રોમીયોગીરીનો રાફડો ફાટયો છે જેથી કરી ઊનાની પોલીસ અરકતમાં આવી ગઈ છે જેથી નાઈટ પેટ્રોલીંગ કરતાં પોલીસ હાથમાં ગુન્હેગારો ઝપટ ચડયા છે જેથી કરી તા.૧૨/૯ સવારે તપોવન આશ્રમ પાસે વાડીમાં મોટી તીનપતીની જુગાર રમાડતોની જાણ થતાં પોલીસ ટુકડી રેડ કરતાં ૨૫ લોકો જુગાર રમતાં પકડાયા જેથી ૨૩ જુગારી ઝડપ જેલ હવાલે ચડી ગયાં રકમ ૫,૬૪,૧૦૦૦ મુદ્દામાલમાં રોકડા ચાર મોટરસાયકલ કિં.રૂા.૧,૦૦,૦૦૦ છવીસ મોબાઈલ ૫૦,૦૦૦ અને બે ફોરવ્હીલ ૯,૦૦,૦૦૦ કુલ કિં.રૂા.૧૬,૧૪,૧૦૦ ના મુદ્દામાલ સાથે પકડી ૨૩ આરોપી ઝડપાયા છે બે આરોપી નાસી ગયા છે અને ૨૩ આરોપી નામ સાથે છે.

# વંથલીના ઘંટીયાણમાં એપ્રોચ રોડ બનશે

**ધારાસભ્ય જવાહરભાઇ ચાવડાની રજૂઆતથી સફળતા**

જુનાગઢ,

વંથલીના ધારાસભ્ય શ્રી જવાહરભાઈ ચાવડા દ્વારા ફરી એકવાર તેરા તુજકો અર્પણ ના સુત્ર ને ધ્યાને લઈને ઝડપી કાર્યવાહીના કારણે અને સતત સફળ રજૂઆતથી વંથલી તાલુકાના ઘંટીયાનો અઢી કિલોમીટરનો એપ્રોચ રોડનું રૂા.૪૪ લાખના ખર્ચ કરવાની ફાઈનલ દરખાસ્ત આજરોજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. પ્રજાએ આપેલા વિશ્વાસ રૂપી મતોનું વિકાશના કામો દ્વારા વળતર ચુકવી આપવાના જવાહરભાઈના વિકાસલક્ષી અભિગમને વંથલી તાલુકાના લોકોએ ભારે આવકારી હતી. પ્રજાનું હતું અને પ્રજાને આપવાની તેરા તુજકો અર્પણ ને પોતાનું વિકાસનું સુત્ર બનાવી ચાલતા જવાહરભાઈને પ્રજાજનોએ અભિનંદન આપ્યા હતા. તેમ કાર્યાલયની અખબારી યાદી જણાવે છે.

cmyk

સૌરાષ્ટ્રભરમાં આવેલા ધર્મસ્થાનોની ગુરૂગાદી જયાં આવેલી છે તેવા અમરેલી જિલ્લાનાં ચલાલામાં પૂ. દાન મહારાજની જગ્યામાં સતત ૨૩૯ વર્ષથી ધર્મની જયોત ઝળહળે છે

# ચલાલામાં પૂ.દાન મહારાજે આકાશમાંથી ગંગાજીનું અવતરણ કરાવેલું

આજથી ૨૩૯ વર્ષ પહેલા સવંત ૧૮૩૪માં પૂ. દાન મહારાજે ચલાલામાં જગ્યાની સ્થાપના કરી હતી

રાજગોર જ્ઞાતિના બે દિકરાઓને પૂ. દાનમહારાજે મોટા કર્યા હતા : સમાજે તેને સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો

રાજગોર જ્ઞાતિ એમ માનતી હતી કે નારણ ગોર અને વિઠ્ઠલ ગોર અભડાઇ ગયા છે જેથી નાતમાં ન આવે

રાજગોર જ્ઞાતિની શંકાના સમાધાન માટે પૂ. દાન મહારાજે આકાશમાંથી ગંગાજી ઉતારી બન્ને ભાઇઓને સ્નાન કરાવ્યું





એ ઐતિહાસિક ગંગાજળીયો કુવો આજે પણ ચલાલા દાનેવધામમાં આવેલ છે તેના જળને લોકો ચમત્કારીક માનીને પીવે છે અને અનેક રોગીષ્ટો માટે લઇ પણ જાય છે : અહી જગ્યાના નિર્માણ સમયે એક ઓરડામાં લાકડાનુ આડસર લંબાઇમાં ટૂંકું પડતા પૂ. દાનમહારાજે હાથના સ્પર્શથી આડસરની લંબાઇ વધારી તે લાકડાના આડસરને પણ પ્રસાદી સ્વરૂપે જગ્યામાં રાખવામાં આવ્યું છે

ચલાલા,

સૌરાષ્ટ્રભરમાં આવેલા ધર્મસ્થાનોની ગુરૂગાદી જયાં આવેલી છે તેવા અમરેલી જિલ્લાનાં ચલાલામાં પૂ. દાન મહારાજની જગ્યામાં સતત ૨૩૯ વર્ષથી ધર્મની જયોત ઝળહળે છે તેની સૌને જાણ છે પણ સાથે સાથે આ જગ્યામાં સંતવર્ય પૂ.દાન મહારાજે આકાશમાંથી ગંગાજીનું અવતરણ કરાવ્યું હોવાની પણ રસપ્રદ ઘટનાનો ઈતિહાસ આલેખાયેલો છે.

સરળ અને ભોળા એવા પૂ. દાન મહરાજ પોતાના ગામમાં રહે તે માટે એ જમાનાના રજવાડાઓમાં હરીફાઈ થતી હતી પુણ્યાત્મા અને પવિત્ર તથા પ્રાતઃસ્મરણીય એવા પૂ. દાનબાપુ એ આજથી ૨૩૯ વર્ષ પહેલા સવંત ૧૮૩૪માં ચલાલામાં જગ્યાની સ્થાપના કરી હતી.

ધર્મ સાથે સેવાની જયોત જગાવનારા પૂ. દાનબાપુએ રાજગોર જ્ઞાતિના બે દિકરાઓને આશરો આપી મોટા કર્યા હતા અને તે ઉમરલાયક થતા જ રાજગોર સમાજમાં પરત મોકલતા સમાજે તેને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો રાજગોર જ્ઞાતિ એમ માનતી હતી કે નારણ ગોર અને વિઠ્ઠલ ગોર અભડાઈ ગયા છે જેથી નાતમાં ન આવે આ બન્ને ભાઈઓ વિશુધ્ધ છે તેની રાજગોર જ્ઞાતિની શંકાના સમાધાન માટે પૂ. દાન મહારાજે આકાશમાંથી ગંગાજી ઉતારી બન્ને ભાઈઓને સ્નાન કરાવ્યું હતુ એ ઐતિહાસિક ગંગાજળીયો કુવો આજે પણ ચલાલા દાનેવધામમાં આવેલ છે તેના જળને લોકો ચમત્કારીક માનીને પીવે છે અને અનેક રોગીષ્ટો માટે લઈ પણ જાય છે.

સાથે સાથે અહી જગ્યાના નિર્માણ સમયે એક ઓરડામાં લાકડાનુ આડસર લંબાઈમાં ટૂંકું પડતા પૂ. દાનમહારાજે હાથના સ્પર્શથી આડસરની લંબાઈ વધારી તે લાકડાના આડસરને પણ પ્રસાદી સ્વરૂપે જગ્યામાં રાખવામાં આવ્યું છે. આજે પણ આ જગ્યાના વિદ્વાન મહંત મહારાજ પૂ. વલકુબાપુ દ્વારા ધર્મની સાથે સાથે સેવાની જયોત પ્રજલલીત રાખવામાં આવી છે.

## તસ્વીર કથા

ચલાલામાં આ છે લોકોના રૂપિયાનો ધુમાડો

# ચલાલામાં નગરપાલિકાએ શોપીંગ સેન્ટર તો બનાવી નાખ્યું તે પણ માત્ર દેખાવનું

૧૫ દુકાનો આડે સાત આઠ કેબીનો છે તેને જો દુકાનો વેંચવામાં આવે તો પાલિકાને ભાડાની આવક શરૂ થઇ જાય





ચલાલા, ચલાલામાં લોકોના રૂપિયાનો ધુમાડો કેમ થાય તેનો દાખલો જોવા જેવો છે.ચલાલામાં નગરપાલિકાએ શોપીંગ સેન્ટર બનાવ્યું પણ દુકાનો લોકોને વેંચતી નથી નથી ચલાલામાં નગરપાલિકાએ બનાવેલી ૧૫ દુકાનોના આડે સાત આઠ કેબીનો છે તેને જો દુકાનો વેંચવામાં આવે તો પાલિકાને ભાડાની આવક શરૂ થઈ જાય પણ પાકી દુકાનો હોવા છતા એ શોપીંગ સેન્ટર ધુળ ખાઈ રહયું છે અને લોકોના નાણા કેરી રીતે ખોટી થાય છે તેનો દાખલો પણ જોવા મળ્યો છે.

આધુનિક યુગમાં પણ ગ્રહો કરતા માણસને માણસ વધારે નડે તેની આ છે સાબીતી !

# અમરેલી જિલ્લાના રઘુવંશી પરિવારની દિકરીને મંગળ અને ઉનાના સાસરિયા બન્ને નડયા : જીંદગી બગાડી

પહેલા જયોતીષશાસ્ત્રને નહોતા માનતા અને માનતા થયા તો માત્ર ૪૫ દિવસનો સંસાર માણનારી નિદોર્ષ પુત્રવધુને મંગળ નડે છે કહી પીયર જતી બસમાં બેસાડી દીધી : અમરેલી જિલ્લાના પ્રતિષ્ઠીત પરિવારની કોડભરી દિકરી વગર વાંકે પરેશાન

ચલાલા,

અત્યારના હાઈટેક યુગમાં પણ ટેકનોલોજીની સાથે સાથે અંધશ્રધ્ધા અને જડ માન્યતાઓ પણ ચરમ સીમાએ પહોંચી ગઈ છે. અને આવી માન્યતાઓ અત્યારના સમયના ભણેલા ગણેલા લોકોને કેવા હલકી કક્ષાના બનાવી દે છે અને તેને કારણે એક નિદોર્ષ એવી કોડભરેલી કન્યાના કેવા હાલ થાય છે તેનો એક ગંભીર બનાવ પ્રકાશમાં આવવા પામેલ છે.

અમરેલી જિલ્લામાં રહેતા રઘુવંશી સમાજના અને આર્થિક રીતે સદ્ધર તેમજ લાખોપતિ કહીં શકાય તેવા અને ભણેલા ગણેલા પરિવારની દિકરીના લગ્ન બન્ને પરિવારોની સહમતીથી ઉનાના એક મૂરતીયા સાથે થયા હતા. કોડભરેલી આ યુવતી યુવતી બીકોમ થયેલી છે જ્યારે યુવક બીએ એલએલબી થયેલો છે અને ઉનામાં એક નામાંકીત વકીલને ત્યા પ્રેકટીસ કરે છે. આ બન્નેના લગ્ન અમરેલી જિલ્લામાં યુવતીના ઘરે તા.૨૦ જૂનના રોજ ધામધૂમથી થયા હતા. આ લગ્ન સમારોહ એટલી ભવ્ય રીતે યોજાયો હતો કે ૩.૩૦ લાખ તો માત્ર કેટરર્સને ચૂકવવામાં આવ્યા હતા. અન્ય તમામ માટે લાખો રુપિયાનો ખર્ચ અને ભારે ધામધૂમ કરવામાં આવી હતી.

આ રીતે અમરેલી જિલ્લાની યુવતીના લગ્ન ઉનાના યુવક સાથે થયા બાદ તેમનો પરિવાર સુખી હતો અને લગ્ન જીવન સારી રીતે ચાલતું હતું. પણ અચાનક લગ્ન સંસાર માંડનાર યુવાન બીમાર થયો અને દવાખાનાની સલાહને બદલે જયોતીષીની સલાહ લેતા એમ જણાવાયુ કે કન્યાને મંગળ છે અને જો આ લગન છુટા નહી કરાય તો આ યુવક મરી જશે. આ સાંભળી આ પરિવાર સામે મુંજવણ આવીને ઉભી રહી હતી કે હજુ તો એક મહીના પહેલા જ લગ્ન કર્યા છે. ગભરાયેલા પરિવારે યુવતીનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો. પણ તેમા આ પરિવારને અખત્યાર કરેલી પધ્ધતી જડતાભરી અને ખતરનાક હતી તેણે પહેલા તો આ યુવતીને ત્રાસ દેવાનો પ્રારંભ કર્યો પણ ખાનદાન માબાપની દિકરીને એમ લાગ્યુ કે કચાદ મારી કયાંક ભુલ હશે તેણે સહન કર્યુ અને જન્માષ્ટમીના તહેવારો પહેલા યુવતીને અમરેલી જિલ્લામાં તેના માવતરે આઠમ કરવા માટે મોકલવામાં આવી અને દસેક દિવસ સુધી સાસરીયાના પરિવારના સૌ તેણી સાથે સંપર્કમાં હતા. બાદમાં સંપર્ક તોડી નાખ્યો હતો. ફોન પણ ન ઉપાડતા યુવતી ગભરાઈ હતી. તપાસ કરતા પરિવાર દ્વારા એવું જણાવાયું હતું કે, યુવતીને મંગળ છે એટલે જ્યોતિષીએ કહ્યું છે કે, યુવક મરી જશે. જેથી હવે એ અમારા ઘરમાં ન જોઈએ અમારે છુટુ કરવુ છે.માત્ર દોઢ જ માસમાં અનેક કોડભરી સાસરે ગયેલી નિર્દોષ યુવતી અત્યારે પણ આ વાતથી આઘાતમાં છે અને જો કન્યાને મંગળ હોય તેવું જયોતીષ શાસ્ત્રમાં લખ્યુ હોય તો તેનો ઉકેલ પણ હોય જ આપડે કંઈક રસ્તો કરીએ તેમ ઉના વેવાઈને કહયુ પણ આ પરિવાર જડતાથી એ જ માન્યતાને વળગી રહયો છે કે, અમારે મંગળવાળી કન્યા જોઈએ જ નહી.

નવાઈની બાબત એ હતી કે જયારે ગોળધાણા ખાવાના હતા તે પહેલા સગાઈની વાતચીત વખતે જ કન્યાના પિતાએ વરના પિતાને કહયુ હતુ કે તમે જો કુંડળીની વાતમાં માનતા હોવ તો તમને કન્યાની કુંડળી આપીએ તમે મેળવી જોવો પણ ત્યારે ઉનાના વેવાઈએ ના પાડી દીધી હતી કે અમે એમા માનતા નથી. બીજી તરફ યુવતીના પરિવારે દિકરી પાછી આવી છે તેની જો સમાજને જાણ થાય તો પણ આબરૂ જાય તેથી દિકરીને મામાને તયા મોકલી આપી છે અને ઉના વેવાઈને આજીજી કરી રહયા છે કે મંગળનો ઈલાજ છે મહેરબાની કરી સારા શાસ્ત્રીને પુછો પણ વેવાઈ એક જવાત પકડીને બેઠા છે અને એ કોડભરેલી કન્યાને પોતાના ઘરમાં રાખવા તૈયાર નથી શિક્ષીત એવી આ કોડભરેલી યુવતીનું જીવન ઓશિયાળું બની ગયું છે. કશો પણ ગુનો કર્યા વગર આ શેની સજા મળી રહી છે તે યુવતીને પણ ખબર નથી.

એક વખત લગન તુટયા એટલે બીજી વખત કેવુ ઠેકાણુ મળે ?

### મંગળ માટે ખતરનાક વાત કરી કોઈના ઘર તોડવનારા જયોતીષી માટે જાથાને જાણ કરાશે

અંધશ્રધ્ધાળુ પરિવારને ભગવાન સદબુધ્ધી આપે તો કોડભરેલી યુવતીની જીંદગી બરબાદ થતી અટકે

એક યુવતીની જિંદગી અને એક હસતા રમતા પરિવારને પીંખી નાખનારા જ્યોતિષીને સબક શિખવાદવા માટે અને તે બીજી વખત કોઈની જિંદગી બરબાદ ન કરી શકે માટેપરિવારજનો દ્વારા જન વિજ્ઞાન જાથ્યાનો સંપર્ક સધવા માટેની પણ તજવીજ હાથ ધરાઈ છે અને પરણ્યાના ૪૫ દિવસમાં જ યુવતીનો ત્યાગ કરનારા સાસરીયાને પણ શબક શીખવાડવા કાનૂની લડત હાથ ધરાનાર છે. સાથે સાથે ભગવાનને એ પણ પ્રાર્થના આ પરિવાર કરી રહયો છે કે દિકરીના સાસરીયાને ભગવાન સદબુધ્ધી આપે જેથી કોડ ભરેલી દિકરીની જીંદગી બરબાદ થતી અટકે કારણ કે જો તેને સાસરીયા ન સ્વીકારે તો આ દિકરી ને માત્ર ૪૫ દિવસના લગ્નજીવન બાદ વગરવાંકે તરછોડી દેવાય તો બીજુ ઠેકાણુ પણ કેવુ મળે ?

અમરેલી જિલ્લામાં રેલ્વે સુવિધાનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે રેલ્વે સ્ટેશનોમાં પાયાની સુવિધાઓ જરૂરી

# ચલાલાં રેલવે પ્લેટફોર્મ નીચું હોવાથી ઉતારુઓએ હાઇજમ્પની પ્રેકટીસ કરવી પડે છે

ટ્રેનમાંથી ઉતરતા મુસાફરોએ બેસીને ઉતરવું પડે તેવી સ્થિતિ : કૂદકો મારીને ઉતરતા યુવાનો : વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકોને મુશ્કેલી : સાંસદ સહિતના નેતાઓ ચલાલાનો પ્રશ્ન રેલ્વે સત્તાધીશો સુધી પહોચાડે તેવી માંગણી

ચલાલા,

ચલાલા રેલ્વે સ્ટેશનમાં જુદા જુદા વિસ્તારની લોકલ ટ્રેનો આવે છે પણ હાલમાં પ્લેટફોર્મ ખૂબ જ નીચુ હોવાના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. લોકો =તરવા માટે કૂદકો મારવા મજબૂર બને છે. વયસ્ક મુસાફરો માટે ભારે મ્સુકેલી સર્જાય છે.

ચલાલા શહેરમાં આવેલા રેલ્વે સ્ટેશન ખાતે રોજ ઢસા, ખીજડીયા, વેરાવળ, જૂનાગઢ, ધોળા વગેરે રુતની ટ્રેન આવે છે જેમાં મોટી સંખ્યામાં લોકો રેલ્વે સુવિધાનો લાભ લે છે.

ચલાલા ધારીથી નજીકનું શહેર હોવાથી અને યાત્રાધામ હોવાથી દર્શાનાર્થીઓ પણ રેલ્વે માર્ગે ચલાલ પહોચે છે. પણ ચલાલ રેલ્વે સ્ટેશનમાં લાંબા સમયથી પ્લેટફોર્મ ખૂબ જ નીચુ છે જેના કારણે ટ્રેનમાંથી=તરવા સમયે નીચે બેસીને =તરવું પડે છે અથવા તો કૂદકો મારવો પડે છે. ખાસ કરીને મોટી ઉમરના મુસાફરો, મહિલાઓ અને નાના બાળકોને =તરવામાં અને ચડવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પદે છે.

તાજેતરમાં રેલ વિભાગ દ્વારા મહુવાથી સુરત માટે સપ્તાહમાં બે ટ્રેનો શરુ કરાયા બાદ અમરેલી જિલ્લાના લોકો દ્વારા રેલ્વે સુવિધાનો ઉપયોગ વધ્યો છે તો બીજી તરફ ચલાલા સહિત મોટા ભાગના રેલ્વે સ્ટેશનમાં પ્લેટફોર્મ ખૂબ જ નીચા છે અને મુસાફરો માટે કૂમ્ફર્ટેબલ નથી.

આ મુદ્દે અમરેલીના સાંસદ તેમજ રેલ્વે યુઝર સમિતિના સદસ્ય દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરીને ચલાલા મુસાફરો માટે પ્લેટફોર્મ ઉચ્ચ લેવાની કામગીરી કરવામાં આવે તેવી માગણી ઉઠી છે.



# કાઠીયાવાડની ક્રાઇમ કુંડળી




**રવીવારની રજાનો લાભ ઉઠાવ્યો : દુકાન બંધ હતી ત્યારે જ ખાતર પાડતા તસ્કરો**

# અમરેલીમાં બંધ દુકાનમાં તસ્કરી : ૮૫ હજારની ચોરી

**જાણીતાશ્રી જીતુભાઇ ગોળવાળાની પેઢીમાં પાછળનો દરવાજો તોડીને ડીવીઆર, હાર્ડડીસ્ક, રોકડ સહિતના મુદ્દામાલની ચોરી : પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ**




અમરેલી,અમરેલી રવીવારની રજામાં સાંજનાં સમયે બંધ દુકાનમાં તસ્કરો ત્રાટકયા હતા અને રોકડ સહિત ૮૫ હજારની ચોરી થતા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે, અમરેલીના ટાવર રોડપર દુકાન ધરાવતા મહેશભાઇ જીતેન્દ્રભાઇ સૈમયાની દુકાન એચ.પી.બ્રધર્સમાં રવીવારનાં રોજ રજા રાખેલ હોય તેનો ચોરે લાભ ઉપાડયો હોય દુકાનના પાથળના ભાગેથી પ્રવેશ કરી રોકડ ૬૦ હજારની ચોરી કરી અને આ બધીજ ઘટનાનો સબુત ન રહે તે માટે ડીવીઆર તથા હાર્ડડીસ્ક સહીતના મુદ્દામાલની ચોરી કરી એમ કુલ ૮૫ હજારનું નુકસાન કરી નાસી જતા મહેશભાઈએ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તજવીજ હાથધરી છે.

## બારપટોળી અને કાતર રોડ નજીક સીમમાં પરપ્રાંતી શ્રમિક બાળક પર દીપડાનો હુમલો

**બાળકની ચીસો સાંભળી સુતેલા અન્ય મજુરોએ બાળકને બચાવ્યો**



રાજુલા,

રાજુલાથી ૧૦ કિમી દુર રાજુલા બારપટોળી કાતર રોડ નજીક આવેલ સીમમાં એક ખેતરમાં પરપ્રાંતના મજુર ગુલશીંગભાઇ અને તેનો પરિવાર મજુરી કામ કરતો હોય અને વાડીમાં રહેતો હતો. ગત રાત્રીના ગુલશીંગભાઇનો પુત્ર તુલસી ઉ.વ.૪ને દીપડાએ પકડી હુમલો કરતાં બાળકની ચીસો સાંભળી બાજુમાં સુતેલા અન્ય મજૂરો દ્વારા બાળકને બચાવી લેવાતા આ અંગેની જાણ કિસાનસંઘના વાલાભાઇ ધાખડાને થતા તેઓ પણ હોસ્પિટલે દોડી ગયા હતાં અને પરંતુ ડોકટર હાજર ન હોવાથી સુત્રોચ્ચાર કરી રોષ ફેલાયો હતો. અને વધુ સારવાર માટે આ બાળકને મહુવા દવાખાને ખસેડવામાં આવેલ તેમજ આ વિસ્તારના ખેડૂતોના જણાવ્યા મુજબ આ દિપડાને તાત્કાલિક પાંજરે પુરવા બારપટોળી તેમજ કાતર સહિત આસપાસના ગ્રામજનો દ્વારા માંગ ઉઠાવી છે.

## સોમવારે વેરાવળમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

**વેરાવળ લોક જાગૃતિ મંચ સોમવારે જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાશે**

અમદાવાદ,

વેરાવળ લોક જાગૃતિ મંચ આયોજીત જનસમાજ, શહેરી નાગરીકો ગ્રામજનોમાં અંધશ્રધ્ધા નિવારાણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોક જાગૃતિ કાર્યક્રમ સપ્ટેમ્બર તા ૧૮ મી સોમવાર સાંજે ૬ કલાકે ટાવર ચોક પાસે પબ્લીક ગાર્ડનમાં જાહેર જનાતા માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જાથાના રાજય ચેરમેન જયંત પંડયા વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વ્યકતવ્ય આપશે. ગુજરાત સહિત દેશમાં ચોટીકાંડના રહસ્યોનો પદાફાશ કરવામાં આવશે.

વૈજ્ઞાનિક ઉદઘાટ અમાહરોમાં મંચના પ્રમુખ જે.બી. મહેતા, મંત્રી દિપક આર. ટીલવાણી, ઉપપ્રમુખ બીપીન સંઘવી, દુર્ગાદાસ ભાગવાણી, ખેતીસી મૈઠીયા, બીપીન શાહ, કિરીટભાઇ જાની, ઈશ્વરભાઇ, અલીમહમદ મલેક, શ્યામભાઇ નાથાણી, જગદીશભાઇ ફોફંડી, ડી.ટી. રામણી, આર.કે. મહેતા દિનેશભાઇ વૈદ, જગદીશભાઇ ગોકાણી, ચીમનભાઇ અઢીયા, કે.આઇ. ચંદનાણી, ડો.કે.એ. ફીચડીયા, કે. થોમસ, રમેશભાઇ ચોપડકર, કિશનચંદ સહિત શહેરના આગેવાનો હાજરી આપશે.

ચમત્કાર નિદશનમાં ચોટીકાંડનો પ્રદાફાશ ઉપરાંત હાથમાંથી કંકુ ભસ્મ, લોહી નીકળવુ, એકના ડબલ, રૂપિયાનો વરસાદ, સંમોહન, હાથ-માથા ઉપર દીવા રાખવા ધુણવું સવારીની ડીડકલીલા ભુવાની સાંકળ નારવાની ઘતિંગલીલા, જીભની આરપાર ત્રિશુલ નાખવું, બોલતું તાવિજ, હઝરતમાં જોવુ, કાનથી ચીટ્ઠી વાચવી, દુર્ણપીશાય વિદ્યાની ઘતિંગલીલા, નજરબંધી, દર્ગાની સાંકળ,બેડી તુટી ખુલ્લી જવી વગેરે પ્રમાંગ બતાવી લોકોને શીખડાવી દેવામાં આવશે.જાથાના અંકલેશ ગોહિલ, ઉમેશ રાવ, વિનુભાઇ ઉપાધ્યાય, ભરતભાઇ મહેતા, વી.સી. વ્યાસ, મનસુખભાઇ મૂતિકાર, નિર્ભય જોશી, વિનોદ વામજા, કેયુર પંડયા, પ્રતાપગીરી ગોસાઇ, સહિતના સ્થાનિક કાર્યકરો ભાગ લેવાના છે. સમગ્ર આયોજન દિપકભાઇ ટિલવાણીની દેખરેખ નીચે યોજવાનું છે. રાજયમાં નવરાત્રી મહોત્સવ ગરબીમાં જાથાનો કાર્યક્રમ યોજવા ઈચ્છુએ અમો ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયુ છે.

**વશીયાળીમાં ૧૧ વર્ષની બિમારી સાજી ન થતા દવા પીધી**

## અમરેલીના વરૂડી ગામે બિમારીથી કંડાળેલા મહિલાએ એસીડ પીધુ

**ખાંભા રાયડી ગામે કપાસમાં દવા છાટતા ઝેરી અસર**

અમરેલી,

આ અંગેની વિગતો એવી પ્રકારી છે કે, ખાંભાના રાયડી ગામે રહેતા અરૂણભાઇ રાઠોડ કપાસમાં દવા છાટવા ગયા હોય અને ઝેરી દવાની અસર થતા તેમને સારવાર માટે ખસેડાયા હતા તથા સાવરકુંડલાનાં વશીયાળી ગામે રહેતા કૈલાશબેન લુણસરને છેલ્લા અગીયાર વર્ષથી માનસીક બિમારી હોય જેથી કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા સારવાર માટે ખસેડાયા હતા તથા અમરેલીના વરૂડીમાં રેખાબેન ખુશાલભાઈ રાણવાને મગજની બિમારી હોય જેથી એસીડ પી જતા સારવાર માટે અમરેલી સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.



**વાહ કયા સીન હે...**

**હેતીષા**

લાઠીના પિતા કપીલભાઇ કનાળા માતા હર્ષાબેન કનાળા દાદા કેસુરભાઇ કનાળા દાદી પુરિબેન કાકા નિહાલભાઇ ઉમંગભાઇ ની વ્હાલી હેતીષા આજે જન્મ દિન ઉજવશે કેક ખાવા આવજો

## ગારીયાધારના મીયાની મેડી વિસ્તાર માં આવેલા રહેણાંકી મકાનમાં શોકસર્કિટથી આગ લાગી

**લાઇટીંગ ફ્રીજ પંખા ઘરવખરી બળી જતાં અંદાજે ૫૦ હજારનું**



ગારીયાધાર,

ગારીયાધાર શહેરના મીયાની મેડી વિસ્તારમાં આજે બપોરે ૨ વાગ્યાના અરસામાં રહેણાંકી મકાનમાં એકાએક આગ લાગી જતાં ભારે ઊહાપોહ મચી જવા પામ્યો હતો. પરંતુ ઘટના સ્થળે આજુ-બાજુના રહિશો દ્વારા તાખડતોડ આગ બુજાવાતા મોટી નુકશાની થતા અટકી હતી.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગારીયાધાર મીયાની મેડી વિસ્તારમાં રહેતા ન.પા.પાણી પુરવઠા વિભાગના કલાર્ક દિપકભાઇ પાઠકને ત્યાં શોટસર્કિટના કારણે આગ લાગી જતાં ભારે આફડાતફડી સર્જાય હતી પરંતુ સ્થાનિક રહિશો અને ન.પા. ફાયરફાયટર વિભાગ દ્વારા આગ કાબુ મેળવી લેતા મોટી નુકસાની થતાં અટકી હતી જયારે આ આગમાં ઘરનો દરવાજો, ફ્રિજ, લાઈટીંગ અને પંખ સહિતનો અંદાજે ૫૦ હજાર સુધીનો સામાન બળીને રાખ થઈ જવા પામ્યો હતો.

## કોટડાપીઠામાંથી ૧૭ લીટર દેશી દારૂ સાથે એક ઝડપાયો

**પોલીસે દરોડો પાડી ૨૫૫૬૦નો મુદ્દામાલ કબ્જે લીધો**

બાબરા,

બાબરા તાલુકાના કોટડાપીઠામાં વનરાજ વલકુ બોરીચા દેશી દારૂની હેરાફેરી કરતાં પોલીસે ૧૭ લિ. દેશીદારૂ અને બાઈક મળી રૂા.૨૫૫૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લાખાપાદરમાં માર મારતાં રજૂઆત

**અમરેલીના એસ.પી.ને પત્ર પાઠવ્યો**

અમરેલી,

કુંકાવાવના લાખાપાદર પંચાયતના સભ્ય મનસુખભાઇ ચાવડા ઉપર ખીમજી ચકા ગોહીલે જીવલેણ હુમલો કર્યા અંગે ઈજા થતાં કુંકાવાવ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે અને માથા ભારે લોકોની સામે પગલા લેવા માંગ કર્યાનું એસ.પી.શ્રીને પત્ર પાઠવી મનસુખભાઈ ચાવડાએ રજૂઆત કરી છે.

## બાબરાના બળેલ પીપરીયામાં ૧૯ વર્ષીય યુવતી ગુમ : ફરિયાદ

**કોઇને કહયા વગર યુવતી ઘરેથી નીકળી ગઇ**

બાબરા,બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામે રહેતા પ્રતાપભાઇ હાથીભાઇ આગરીયાની દિકરી હિરલબેન ઉ.વ.૧૯ એક વર્ષ પહેલા અમદાવાદ હોસ્ટેલમાં રહી બીજા ઈનિંગનો કોર્ષ કરતી હતી ત્યાં કાના નામની વ્યક્તિ સાથે સબંધ ધરાવતી હોવાની શંકાથી ત્યાંથી અભ્યાસ કરતી ઉઠાડી લીધા બાદ તા.૧૦/૯ના બળેલ પીપરીયા ગામેથી કોઈને કહયા વગર ઘરેથી નીકળી જતાં ગુમ થયાની બાબરા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં બનાવની તપાસ જમાદાર ડી.ડી.ગોંડલીયા ચલાવી રહયા છે.

### સાવરકુંડલામાં બાઇક ચોરાયું

અમરેલી,

સાવરકુંડલા પંચવટી સોસાયટીમાં રહેતા કેતનભાઇ બીચ્છુભાઇ ખુમાણની બાઈક સ્પ્લેન્ડર નં.જી.જે ૧૪ એ.ઈ ૦૪૪૪ વાળુ જેની કિ.૨૫ હજારની કોઈ ચોર મામલતદાર કચેરી સામેથી તા.૧૩ના રોજ ચોરી ગયાની કુંડલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### લાલાવદર ગામે યુવતીને સર્પદંશ

અમરેલી,

અમરેલીના લાલાવદરમા રહેતા નિર્માળબેન દિનેશભાઈ ગણાસ્વા શાકભાજીનું કામ કરતા હોય અને અચાનક સાપ બટકું ભરી જતા સારવાર માટે અમરેલી સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતા.

**વિકટર પોર્ટ મે.ઓમ સાંઇ નેવિગેશન પ્રા.લી. દ્વારા**

## વિકટર નજીક નવી જેટી બનાવવા લોકસુનાવણીમાં ૨૩ ગામોનો વિરોધ

**લોક સુનાવણીમાં નિવાસી કલેકટર ડી.ડી.પંડયા અને પર્યાવરણ બોર્ડના એફ.એમ.મોદીની ઉપસ્થિતિ**

રાજુલા,

રાજુલાના વિકટર નજીક મે.ઓમ સાઈ નેવીગેશન પ્રા.લી.દ્વારા નવા વિકટર પોર્ટના જેટી બનાવા છે તેનું લોક સુનાવણી નિવાસી કલેકટર ડી.ડી.પંડયાના અધ્યક્ષ સ્થાને પર્યાવરણ પ્રદુષણ બોર્ડના એફ.એમ.મોદી સાનિધ્યમાં પર્યાવરણ અંગેની લોકસુનાવણીનો પ્રારંભ થતા જ આ વિસ્તારના ૨૩ ગામો પૈકી મોટાભાગના ગામોનું વિરોધ જોવા મળ્યો હતો. આ અંગેના ચાંચ બંદરના રણજીત ગુજરીયાએ જણાવ્યું હતું કે અહીં પોર્ટની ખાડી પર લાખો લોકો બેકાર છે નિર્ભય રીતે ગુજરાન ચલાવે છે ખાડી પર પુલ બનાવવા અનેક વખત માંગણી કરી પુલ બનાવવામાં આવતો નથી. પુલ બનાવાય તો હજારો ખેડૂતોને પર્મ્પીંગ દ્વારા પાણી મળી શકે તેમ છે. અને લોકોને રોજગારી પણ વધુ મળે અહીં અમો ખેતી કરતાં ખેડૂતો છીએ અગરીયા આ છે આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિજયરૂપાણી ગુજરાતી છે. આ વિસ્તારમાં આવી ગયો છે. ત્યારે પ્રથમ જેટીતા બદલે પુલ બનાવવો જરૂરી છે. ચાંચ બંદરના સરપંચ હમીરભાઈ આ કંપની આવી છે. આજે પબ્લીક હેરીંગમાં ચાવવાના બીજી બતાવવાના બીજા જેમ વાયદા કરે ભે પાછળથી કાંઈ કરે છે સરકારે તો ઘણી શરતો બાંધી છે. પણ છટકબારીમાં આવા ઉદ્યોગકારો છટકી જાય છે. આ વિસ્તારમાં એ વૃક્ષો વિનાશને આરે જઈ રહયા છે ખેરાના આગેવાન આ વિસ્તારમાં મેગરૂવ આ કંપની દ્વારા કાઢી નાખવાની પ્રવૃતિ શરૂ થઈ છે તે નિંદનીય છે. એક સમયે વિકટર ધિત્તુ બંદર હતું હવે રો રો ખેતી શરૂ થવાની છે. ત્યારે પર્યાવરણ પ્રદુષણ જેવા પ્રશ્નો ઉપસ્થિત ન થાય અને તેની તકેદારી રખાય તેવી પણ રજૂઆત થઈ હતી. અમરાભાઈ વાઘે હવે સ્થળ પર કામ થાય સ્થળ પર પર્યાવરણ કામગીરી થાય સ્થાનિક લોકોને રોજગારી મળે રોજગારી પુરી પાડવા બાંહેધરી આપે કેટલા લોકોને રોજગારી મળશે સ્થાનિક લેવામાં આવશે કે તેવા પ્રશ્નો કર્યા હતાં. આ અંગે ચાંચના સરપંચ કાનજીભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે અહીં રો રો સર્વિર્સસ શરૂ થશે તો નાના અગરીયાનું મીઠુ જશે અને અગરીયારો પગભર થશે. ૧૫ વિઘામાં પત્થર છે ત્યારે ચોપાટી બનાવી દેશે હાલનું બંદર ભયંકર બિસ્માર હાલતમાં છે તેની સજીવન કરવા ચાંચના સરપંચે માંગ કરી છે. મેનેજર અશ્વિનભાઈ બેન્કર, કલેકટર દિલિપસિંહ વાળા મામલતદાર સહિતના ઉપસ્થિત રહી ૨૩ગામના લોકો-ગ્રામજનોને સાંભળ્યા હતાં.

## અમરેલી જિલ્લામાં મારામારીના ત્રણ બનાવો

**અમરેલી, સાવરકુંડલા અને લીલીયા પોલીસ મથકે ફરિયાદ**

અમરેલી,

આ અંગેની વિગતો એછી પ્રકારી છે કે, કુંડલામાં રહેતા હેતલબેન જયસુખભાઈ દેગાવાનાં ઘરમાં શીવરાજ તથા આ ૬ શખસો ઘરી છેડતી કરી નાસી ગયા હતા અને થોડી વાર પછી ફોનમાં ધમકી પણ આપી હતી તથા લીલીયા બાયપાસ ચોકડી પાસે શાંતાબેન મોહનભાઈ સારીખડાને જયશ્રી લલીતએ ઘરેણા બાબતે ઈંટ વડે કપાડના ભાગે ઈજા પહોંચાડી હતી તથા અમરેલી સરકાર વાડામાં પ્રિતીબેન પરેશભાઈ આડતીયાની સાસુ સાથે અઝીમ નામનો શખસ માથાકુટ કરતો હોય જેથી પ્રિતીબેન અઝીમને સમજાવવા જતા અઝીમે ઢીકાપાટાનો મારમારી ઈજા પહોંચાડયાની ફરિયાદ અમરેલી સીટી પોલીસ સ્ટેશમા ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથધરી હતી.

# અમરેલીના વોર્ડ નં.૩માં અન્ન વિતરણ કાર્યક્રમ યોજાયો



નગરપાલિકા વોર્ડ નં.૨ના સદસ્ય કિરણબેન વામજાની ઉપસ્થિતિમાં અમરેલી બ્રાહ્મણ સોસાયટી આંગણવાડી નં.૧૬૮માં અન્ન વિતરણ કરી રહેલા બહેનો અને આંગણવાડી વર્કર ભારતીબેન જોષી સહિત તસ્વીરમાં નજરે પડે છે.

## અમરેલીની પોસ્ટ ઓફિસના એટીએમ મશીનમાં કોઇ પણ બેંકનું કાર્ડ ચાલશે

### પોસ્ટ ખાતાધારકોને અનલીમીટેડ ટ્રાન્ઝેક્શનની છુટ

અમરેલી,

અમરેલી હેડ પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટ વિભાગ દ્વારા મૂકવામાં આવેલા એટીએમ મશેનમાં હવેથી આરબીઆઈની ગાઈડ લાઈન મુજબના કોઈપણ બેંકન કાર્ડ ચાલશે તેમજ પોસ્ટ દ્વારા તેના ગ્રાહકોને આપવામાં આવેલા એટીએમ કાર્ડથી પણ હવે કોઈપણ બેંકમાથી ટ્રાનેક્શન કરી શકાશે. આ અંગેની વિગતો આપતા અમરેલી પોસ્ટ ઓફિસના પબ્લીક રિલેશન ઈસ્પેક્ટરે જણાવ્યું કે, નોટબંધીના સમયે અમરેલી જિલ્લામાં અનેક લોકો પોસ્ટ બેંક સાથે જોદાયા છે અને તેઓને પોસ્ટ ઓફિસ દ્વારા સ્થળ પ્ર જ એટીએમ કાર્ડ આપવામાં આવ્યા હતા.

અગાઉ પોસ્ટના કાર્ડ માત્ર પોસ્ટમાં જ ચાલતા હતા પણ હવે પોસ્ટ વિભાગ દારા અપાયેલા એટીએમ કાર્ડમાંથી કોઈપણ બેંકના એટીએમ દ્વારા રકમ ઉપાડિ શકાશે. આ જ રીતે અમરેલી હેડ પોસ્ટ ઓફિસ ખાતે એટીએમ મશીન મૂકવામાં આવેલું છે તેમાં પણ કોઈપણ બેંકનું કાર્દ ચાલશે. બેજી તરફ બેંકો દ્વારા અમુક ટ્રાંઝેક્શન કર્યા બાદ વધારાના ટ્રાંઝેક્શન પર ચાર્જ લેવામાં આવે છે. જ્યારે પોસ્ટ ઓફિસ દ્વારા ખાતાધારક પોસ્ટ એટીએમનો ઉપયોગ એકદમ નિઃશુલ્ક રીતે કરી શકે છે એટલે પોસ્ટ ઓફિસના એટી એમમાંથી ગમે તેટલી વખત પોસ્ટ ખાતાધારક રકમ ઉપાડે તો કોઈ પ્રકારનો ચાર્જ લાગશે નહીં. અનલિમીટેડ ટ્રાંજજેક્શન ફ્રી મળશે. તેમ, કિશોરભાઈ ભટ્ટે જણાવ્યું છે.

### ભાવનગરમાં ખેલ મહાકુંભ સમાપન

ભાવનગર,

ભાવનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભના સમાપન સમારોહનું આયોજન થયું હતું.

## અમરેલીના હોન્ડા ટુવ્હીલરના ડીલર પરીખ હોન્ડા દ્વારા નવા બાઇક ક્લીકનો લોચીંગ સમારોહ યોજાયો



અમરેલીના હોન્ડાના ડીલર પરીખ પરીવાર દ્વારા હોન્ડાના નવા મોડલ ક્લીકના લોચીંગ પ્રસંગે એક ખાસ ઈવેન્ટ યોજવામાં આવી હતી જેમાં હોન્ડા કંપની તેમજ પરીખ હોન્ડાના સંયુક્ત ઉપક્રમે પેન્ટીંગ કોમ્પીટીશન યોજવામાં આવી હતી.જેમાં અમરેલીના પ્રતિષ્ઠીત લોકો તેમજ નામી, અનામી પેન્ટરો હાજર રહ્યા હતા તે તસ્વીરમાં નજરે પડે છે.

## બગસરા પાલિકાની ૨ બેઠકોની ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસને ફાળે એક-એક બેઠક

### નગરપાલિકાની યોજાયેલી પેટા ચુંટણીમાં કોંગ્રેસને ૧ બેઠકનું નુકસાન



બગસરા,

બગસરા નગરપાલિકા વોર્ડ નં ૨ અને વોર્ડ નં ૩ના સાસકોના રાજીનામા બાદ યોજાયેલ પેટા ચુંટણીમાં એક ભાજપ તથા એક બેઠક કોંગ્રેસને ફાળે જતાં સાસકો (કોંગ્રેસ) લઘુમતીમાં મુકાઈ જતાં રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે.

વિગત અનુસાર ૨૮ બેઠકો સભ્યોની બગસરા નગરપાલિકામાં ગત ચુંટણીમાં ૧૪ કોંગ્રેસ તેમજ ૧૩ ભા.જ.પ. તથા એક અપક્ષને ફાળે ગયા બાદ અપક્ષના ટેકાથી કોંગ્રેસ શાસન સંભાળયા બાદ વોર્ડ નં-૨ તથા વોર્ડ નં-૩ ના કોંગ્રેસ સદસ્યોએ રાજીનામું ધરી દેતા થયેલ પેટા ચુંટણીમાં વોર્ડ નં-૨ ભા.જ.પ.ના ઉમેદવાર જીતેન્દ્ર મનજીભાઈ બોરીચા ૧૧૧ મતોથી વિજેતા થયેલ જયારે વોર્ડ નં-૩ના કોંગ્રેસના ઉમેદવાર દિલિપભાઈ ભીખુભાઈ વાળા ૫૦૯ મતોથી વિજેતા થતા બન્ને પક્ષોને એક-એક બેઠક મળતાં કોંગ્રેસને એક બેઠકનું નુકસાન થતાં કોંગ્રેસ લઘુમતીમાં મુકાઈ ગયેલ છે. હાલની સ્થિતિ ભા.જ.પ. ૧૪ કોંગ્રેસ ૧૩ અને ૧ અપક્ષના ટેકો છે કોંગ્રેસને મળતાં બંન્ને પક્ષે ૧૪-૧૪ બેઠકો થતા આવનારા દિવસોમાં નવાજુનીના એંધાણ વર્તાઈ રહયા છે હવે જોવાનું એ રહયું છે કે આવનારા દિવસોમાં બગસરા નગરપાલિકામાં ભા.જ.પનો ભગવો લહેરાવી સતા હાસલ કરશે કે કોંગ્રેસ સાસીત જ નગરપાલિકા રહેશે તે જોવાનું રહયું છે.

### મોટી વાવડીમાં શિલાન્યાસ

ભાવનગર,

સૌની યોજના લીંક-૨ પેકેજ ૬ના પ્રોજેકટની કામગીરી અંતર્ગત ગારીયાધારના મોટી વાવડીમાં જળસંપતિમંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે સીલાન્યાસવિધિ યોજાઈ હતી એ જ રીતે પાલિતાણાનાં હણોલ ગામે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના હસ્તે શિલારોપણ વિધિ થઈ હતી.

## વરસાદી પાણીના ભરાવાના કારણે ખારાથી બોડીયા ગામનો માર્ગ બંધ

### ખેતરોમાં પણ પાણી ભરાતા ખેડૂતોનો પાક નિષ્ફળ

અમરેલી,

અમરેલી જિલ્લામાં ગઈ કાલે પડેલા વરસાદના કારણે લીલીયા તાલુકાના ખારાથી બોડિયા ગામને જોડતો માર્ગ્ત બંધ થઈ જતા લોકોને ભારે મ્સુકેલીનો સામન્હો કરવો પડે છે. બીજી તરફ આ માર્ગના કારણે આસપાસના ખેતરોમાં પણ પાણીનો ભરાવો થતો હોવાથી પાક બળી ગયો છે અને ત્રણ વર્ષથી આ સમસ્યા છે. આ મુદ્દે લીલીયા તાલુકાના ખારા ગામના ખેડૂતો દ્વારા અમરેલીના કલેક્ટરને કરાયેલી રજૂઆત મુજબ લીલીયા તાલુકાના ખારા ગામથી બોડીયા ગામ જવાના રસ્તે વરસાદી પાણીનો ભરાવો થયો હોવાના કારણે આ માર્ગ બંધ થઈ ગયો છે. વરસાદ પડતાની સાથે જ અહીં પાણીન્હો ભરાવો થાય છે. રોડ પરથી પાણીનો નિકાલ ન થતો હોવાથી આસપાસના ખેતરોમાં પણ પાણી ભ્યરાય છે અને તેના કારણે હાલમાં ખેડુતોએ વાવેલો કપાસનો પાક બળી ગયો છે. આ રોડ બન્યા બાદ છેલ્લા ત્રણ વર્ષથી આ વિસ્તારમાં ખેડુતોના ખેતરમાં પાણી ઘુસી જવાથી પાક બળ ી( જાય છે આ કારણે ખેડૂતોની હાલત દયનીય બની ગઈ છે. જેથી આ રોડ નવેસરથી બનાવીને વરસાદી પાણીના નિકાલની વવ્યસ્થા કરવામાં આવે તેવી ખેડૂત નરેશભાઈ ગરણીયાએ માગણી કરી છે.

## દામનગરમાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા મહા રક્તદાન કેમ્પ યોજાયો

### અમરેલી રેડક્રોસ સોસાયટીનો સહયોગ : ડોનરોને સ્મૃતિ ભેટ અર્પણ કરાઇ : સેવાભાવિઓનો સહયોગ

દામનગર,

દામનગર સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા રક્દાન કેમ્પ દામનગર શહેર ના સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા રક્દાન કેમ્પ ને ભવ્ય સફળતા દામનગર બ્રહ્મસમાજ સુમન ભવન ખાતે સવાર ના નવ કલાકે શરૂ થયેલ રક્દાન માં યુવાનો ઉત્સાહ થી જોડાયા રક્દાન કેમ્પ ના ઉદ્ઘાટક ઈકબાલભાઈ ડેરેયા હારૂનભાઈ ડેરેયા દ્વારા યુવાનો એ રક્દાન કેમ્પ ની પહેલ ની બિરદાવી હતી રક્દાન કેમ્પ માં સામાજિક અગ્રણીઓ કિશોરભાઈ ભટ્ટ તુષારભાઈ પાઠક નટુભાઈ ભાતિયા મહેન્દ્રભાઈ પરમાર નિકુલભાઈ રાવલ અબ્બાસભાઈ વ્હોરા રઘુભાઈ જોગરણા સંદીપ પટેલ યુવા ભાજપ પ્રિતેશભાઈ નારોલા ધનજીભાઈ બક્ષી પંચ પ્રમુખ સહિત ના અગ્રણી ઓ ની હાજરી માં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત રક્દાન કેમ્પ ને ભવ્ય સફળતા મળી હતી અમરેલી રેડક્રોસ સોસાયટી દ્વારા સુંદર સેવા બજાવી હતી ડોનરો ને સ્મૃતિ ભેટ અર્પણ કરાયેલ

## દામનગરમાં રક્તદાન શિબિર યોજાઇ

### યુવા ભાજપ લઘુમતી મોરચા દ્વારા આયોજન

દામનગર,

દામનગર શહેર યુવા ભાજપ લઘુમતી મોરચા દ્વારા આયોજીત આજરોજ બ્રહ્મસમાજની વાડીમાં યોજાયેલ રક્તદાન શિબિરમાં ૪૮ બોટલ એકત્ર થયું હતું. આ કેમ્પમાં મુસ્લિમ સમાજનાં અગ્રણીઓ ઈકબાલભાઈ ડેરૈયા, હારૂનભાઈ ફુટવાળા, મુનાફભાઈ સદાબહાર વાળા, શહેર યુવા ભાજપ લઘુમતી મોરચાનાં પ્રમુખ હારૂનભાઈ ડેરૈયા, મહામંત્રી રીઝવાનભાઈ ડેરૈયા, ઈમ્તીયાઝભાઈ સૈયદ, તેમજ શહેર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ નારોલા, ભાજપનાં યુવા આગેવાન કિશોરભાઈ ભટ્ટ, સંદિપ પટેલ, સુરેશ ચૌહાણ અને દાઉદી વ્હોરા સમાજ અને ખોજા સમાજના આગેવાનોએ હાજરી આપી રક્તદાતાઓને અભિનંદન પાઠવ્યા હતાં. ૫૬ મી વાર રક્તદાન કરનાર પ્રિતેશભાઈ નારોલાનું સન્માન કરવામાં આવેલ. રેડક્રોસ સોસાયટી અમરેલીની ટીમે સેવા આપેલ.

## અમરેલીમાં બેઠક બોલાવતાં સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી આત્મારામભાઇ પરમાર

### જિલ્લાના પ્રભારી જયંતિભાઇ કવાડીયા વી.વી.વઘાસીયાની ઉપસ્થિતિ

અમરેલી,

વડાપ્રધાનશ્રી મોદી ૧૭મી એ અમરેલી પધારનાર છે. તે અંગે કલેકટર કચેરીમાં સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમાર અને પ્રભારી મંત્રી જયંતિભાઈ કવાડીયા વી.વી.વઘાસીયાની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં કાર્યક્રમની ચર્ચા કરવામાં આવી હતી.

જેમાં સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય બાવકુભાઈ ઊંઘાડ, કલેકટરશ્રી અમરાણી, ડી.ડી.ઓ નિરગુડે, એસ.પી શ્રી જગદિશ પટેલ, હિરેનભાઈ હિરપરા, અશ્વિનભાઈ સાવલીયા, પી.પી. સોજીત્રા સહિત ઉપસ્થિત રહયા હતાં.

### હણોલથી ઘોડીઢાળ સુધી રોડનું ખાતમૂર્હત

ભાવનગર,

હણોલથી ઘોડી ઢાળ સુધી ૯૫ લાખના ખર્ચે રોડ બનાવવા મુખ્યમંત્રી ગ્રામસડક યોજના નીચે ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું.

## રાજકોટમાં શંકરસિંહ બાપુ રાજકીય ધડાકા કરશે

રાજકોટ,

આગામી પ્રથમ નોરતે શક્તિપીઠના દર્શન કરીને શંકરસિંહ બાપુ પત્રકાર પરિષદને સંબોધન કરશે અને ચોખ્ખો ચણાક રાજકીય એજન્ડા જાહેર કરશે. ૨૫મી એ સોમનાથ દાદાના દર્શન કરી શંકરસિંહ બાપુ રાજકોટમાં જ રાજકીય ધડાકા કરશે આ અંગે શંકરસિંહ વાઘેલાએ અંગત સમર્થકોને સ્પષ્ટ કહી દીધું કે હવે તો યુદ્ધ એ જ કલ્યાણ આમ બાપુના નિકટતમ વર્તુળોમાંથી બહાર આવ્યું છે.

## જાફરાબાદના નવી જીકાદ્રીમાં પાંચ પીરની દરગાહે ઉર્ષ જેવો માહોલ

### કેરબાણી પરિવાર દ્વારા સંદલ શરીફ અને ન્યાજ સહિતના કાર્યક્રમો યોજાયા

ડેડાણ,

જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી ગામે ગામના પાદરમાં જ પાંચ પીરની દરગાહ જયાં પાંચ દરગાહ છે તે દરગાહે કેરબાણી પરિવાર દ્વારા પરંપરાગત મુજબ દર વર્ષે સંદન શરીફ અને નિશાન અને ત્યાજનાં પ્રોગ્રામ પણ રાખવામાં આવે છે. આજે વર્ષોથી આ પાંચ પીરની દરગાહ ઉપર સંદન શરીફ અને ન્યાજ રાખવામાં આવે છે. આ કેરબાણી પરિવાર મુળ જુની જીકાદ્રી ગામ છે ઘણાં જ વર્ષથી ત્યાંથી નિકળીને ડેડાણ વાંગ્રધા, રાજુલા અને ઊના સ્થાનિક થયા છે કેરબાણી પરિવારના મોભી હસનભાઈ ડેડાણ અને સદરૂદીનભાઈ કેરબાણી રાજુલા, અને અકબરભાઈ કેરબાણી ઉના દ્વારા દર વર્ષે આ પાંચ પીરની દરગાહ એ સંદન શરીફ નિશાન અને ત્યાંજમાં હિન્દુ-મુસ્લિમ તમામ અગ્રણીઓ જોડાય છે આ ત્યાજ ચુરમાંના લાડુ, ખમણ, અને દાળ ભાત રાખવામાં આવે છે તેમાં સ્થાનિક દરબારભાઈ થી પણ આ સંદન શરીફ નિશાન અને ત્યાંજમાં જોડાય છે આ પાંચ પીર છે તે પાંચ પીરની દરગાહથી ઓળખાય છે દર વર્ષે કેરબાણી પરિવાર દ્વારા મીની ઉર્ષ જેવો માહોલ જોવા મળે છે તેમાં ડેડાણના પત્રકાર બહાદુરભાઈ હીરાણી આ મીની ઉર્ષમાં અચુક હાજરી હોય છે પાંચ પીરની દરગાહે કોમી એકતા દર્શન અશુક જોવા મળે છે ત્યાં હાલ દરરોજ દિવા-અગરબતી પણ હિન્દુ ભાઈથી કરે છે આ ઉર્ષમાં ઉના ટીંબી, જાફરાબાદ, રાજુલા, ડેડાણ, કોડીનાર, ધારી, દામનગર સહિતના ગામોમાં બિરાદરો આવે છે.

ક્રિષ્ના કેટરર્સ & ડાયનીંગ હોલ
સ્પે. ગુજરાતી થાળી - માર્કેટયાર્ડ સામે
જમવા માટે પધારો

આનંદ

છુટા પૈસામાંથી છુટકારો
મલય ઝેરોક્ષ
વધુ એક સેવામાં ઉમેરો
તમામ પ્રકારના ડેબિટ, ક્રેડીટ
તથા પેટીએમ સુવિધા ઉપલબ્ધ...
સિવિલ રોડ, અમરેલી. ફોન : ૨૨૬૭૮૪



રેડ કોર્નર
સહ પરિવાર માણવા લાયક કોમેડી ગુજરાતી પીકચર
તંબુરો
શો ટાઇમ - ૧૨:૧૫,૩:૧૫,૬-૧૫,૯-૧૫
સ્ટેશન રોડ, અમરેલી ફોન : ૨૨૨૭૨૮

सत्यमेव जयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
તા.૧૩-૯-૧૭ બુધવાર
પાના નં ૧૧

### લાઠીના ભામાશા ઉદ્યોગપતિ શ્રી સવજીભાઇ ધોળકીયા વડાપ્રધાનના જન્મદિને આપશે અનોખી ભેટ

# લાઠીમાં હરિકૃષ્ણ તળાવનું વડાપ્રધાન કરશે લોકાર્પણ

**દુધાળા નજીક તળાવમાં રીવરફ્રન્ટ બોટીંગ સહિતની સુવિધાઓ ઉભી થશે**

**૧૫૦ એકરના તળાવના કારણે લાઠીમાં એક ટીપું પણ વરસાદ ન પડે તો આખું વર્ષ પાણી ચાલે તેટલા જળનો સંગ્રહ : તળાવ જિલ્લાના સહેલાણીઓ માટે આકર્ષણરૂપ**

**લાઠી દુધાળા સહિત ૩ ગામો ૧૭ મીએ ધુમાડા બંધ : ૩૫ જાતિઓને નોતરા**

અમરેલી,

લાઠીના દુધાળા નજીક ભામાશા ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકીયાના સ્વપ્નથી સાકાર બનેલા હરિકૃષ્ણ તળાવ રીવરફ્રન્ટ સહિતની કામગીરીનું અમરેલી ખાતે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિડીયો કોન્ફરન્સથી લોકાર્પણ કરવામાં આવશે. લાઠીમાં હજારો લોકો વિડીયો દ્વારા સીધા પ્રસારણથી વડાપ્રધાનને સાંભળશે. લાઠીના દુધાળા નજીક ૧૫૦ એકર જમીનમાં ઉદ્યોગપતિ શ્રી સવજીભાઈ ધોળકીયા દ્વારા હરિકૃષ્ણ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં રીવરફ્રન્ટ બોટીંગ સહિતની સુવિધાઓ



ઉભી કરીને જિલ્લાભરમાંથી સહેલાણીઓ અહીં આવે તેવી સુવિધાઓ ઉભી કરાશે.

તા.૧૭/૯ના રોજ અમરેલી આવી રહેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમરેલીથી વિડીયો કોન્ફરન્સ દ્વારા લાઠી ખાતેના તળાવનું લોકાર્પણ કરશે. લાઠીમાં હજારો લોકોની સંખ્યામાં કાર્યક્રમના સ્થળે એકત્રિત થયેલા લોકો અમરેલી ખાતે યોજાઈ રહેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામાન્ય સભા સાંભળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે આ ઉપરાંત લાઠી, દુધાળા સહિત ત્રણ ગામોને ધુવાડાબંધ આમંત્રણ આપવામાં આવ્યું છે. અંદાજીત ૩૫ હજાર લોકો એક જ રસોડે જમે તેવી શકયતા છે. લાઠીમાં પ્રથમ વખત જ આવડું મોટું આયોજન કરાયું છે તેમ લાઠી ખાતે યોજાયેલ એક પત્રકાર પરિષદમાં માહિતી આપતાં સવજીભાઈ ધોળકીયાએ જણાવ્યું હતું.

### બાબરામાં બાપુના આગમનથી કોંગ્રેસ અને ભાજપ બન્નેમાં ફફડાટ

# બાબરામાં શ્રી એમ.ડી. માંજરીયા સક્રીય થતા જ કંઇકને પેટમાં દુખ્યું : શ્રી માંજરીયાના બેનરોને ફાડી નખાયા

**શ્રી માંજરીયા દ્વારા બેનર ફાડનારા તત્વોની સામે પોલીસ ફરિયાદ કરવા હાથ કરાયેલી તજવીજ**



અમરેલી,

બાબરાના મુળ વતની અને મામલતદાર પદેથી નિવૃતિ બાદ સતત સેવામાં રત રહેલા શ્રી એમડી માંજરીયા દ્વારા આમ આદમી પાર્ટીના ઉમેદવારો અને ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે બાબરામાં સક્રીય થયેલા આમ આદમી પાર્ટીના ગુજરાતના વરીષ્ઠ આગેવાન શ્રી એમડી માંજરીયાના બેનરો લાગ્યા હતા તેના આગમનથી ભાજપ અને કોંગ્રેસ બન્ને રઘવાયા બન્યા છે તેવા સમયે કોઈએ તેમના બેનરો ફાડી નાખતા પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ છે.

# હરિકૃષ્ણ તળાવની ઝલક

૧૫૦ એકર જમીનમાં સરોવર બનાવવામાં આવેલ છે. આ સરોવર બનાવવા માટે ૨૬૦ શ્રમિકોએ સતત ૧૨૦ દિવસનો પરિશ્રમ કર્યો છે જેમાં ૧૫ હિટાચી મશીન (બાહુબલી) દરરોજના ૨૨કલાક કામ ચાલતું હતું અને ૩૦ ડમ્પર દ્વારા ૧લાખ ૧૦ હજાર ફેરા થકી ૨૭ લાખ ૫૦ હજાર ટન માટીને ઉલેચીને વર્લ્ડ રેકોર્ડ સર્જયો છે સરોવર ખનનથી નીકળતી ઉપજાવ માટીને આજુબાજુના ખેડૂતોને અર્પણ કરી ધરતીને નવપલ્લવીત કરવામાં આવી છે. ૧૦૦ એકર જમીનને સુંદર બગીચાના રૂપમાં ફેરવી લીલુંછમ્મ વાતાવરણનું સર્જન થાય તેવું પ્લાન્ટેશન ઉભુ કરવામાં આવેલ છે. તંદુરસ્ત યુવાનોને પસંદ હોય તેવું સુંદર ક્રિકેટનું મેદાન તૈયાર કરવામાં આવ્યું તેમજ હેલીપેડની વ્યવસ્થા પણ આપોઆપ ઉભી થાય તેવી વ્યવસ્થા થઈ ગઈ. શ્રી સવજીભાઈ ધોળકીયા (ચેરમેન હરિકૃષ્ણ એકસપોર્ટસ) ધનજીદાદા અને કુલીબાઈએ સતત ૧૨૦ દિવસ હાજર રહી દરરોજના ૨૪ કલાકની તન, મન અને ધનથી સેવા કરી ભગીરથ કાર્યના મુખ્ય યજમાન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ છે તે અભિનંદનીય છે આ સરોવર સૌનું સરોવર બની રહે તે માટે લાઠી, અકાળા, દુધાળાના ૪૦ જેટલા સ્વયંસેવકોએ સખત મહેનત કરેલ છે જેના માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

### ઊના સ્ટેટ હાઇવેમાં રોડ સાઇડનું કામ નબળું


તસવીર નીરવ ગઢીયા

ઊના શહેરના વિદ્યાનગર રોડ સ્ટેટ હાઈવે ડામર રોડ પર સાઇડનું કામ નબળું હોવાથી ખટારો ફસાયો હતો જેથી કામગીરી નબળી હોવાનું ચર્ચાયું છે તે તસ્વીરમાં નજરે પડે છે.

## અવસાન નોંધ

બાબરા,

પરજીયા પટ્ટણી સોની બિપીનભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ઉ.વ.૫૨) તે સોની યશવંતભાઈ સોજાભાઈ ચલ્લા જસદણવાળા હાલ બાબરાના જમાઈ, સરોજબેન રાજુલા, ઉદયભાઈ, નિલેશભાઈ બાબરાના બનેવીનું તા.૧૦/૯ના વિસાવદર મુકામે અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૧૪/૯સાંજે ૪ થી ૬બાબરા લોહાણા મહાજન વાડી ખાતે રાખેલ છે.

અમરેલી,

કંડોળીયા બ્રાહ્મણ ઉપલેટાવાળા ગીરીશચંદ્ર કાંતિલાલ ભટ્ટ (ઉ.વ.૭૨) તે હેમાંશુભાઈ જીતેન્દ્રગીરી ભટ્ટના સસરા તથા અ.સૌ. શિતલબેનના પિતાશ્રી તા.૧૧/૯/૧૭ના રોજ કૈલાસવાસી થયેલ છે. તેમની સાદડી શુક્રવાર તા.૧૫/૯/૨૦૧૭ના રોજ જીતેન્દ્ર નાનાલાલ ભટ્ટના નિવાસ સ્થાને જય, આશુતોષ, જલારામ નગર -૨ હનુમાનપરા રોડ, સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે.

સાવરકુંડલા,

પીઠવડી નિવાસી હાલારી વાણંદ વનીતાબેન ભીમજીભાઈ બગથલીયા તે બિપિનભાઈ ભીમજીભાઈ બગથલીયા તેમજ ભુપતભાઈ તથા કાંતિભાઈ તથા મધુબેન ભાયલાલભાઈ બુધેલીયા તથા હંસાબેન કાળુભાઈ કાલાવડીયાના માતૃશ્રી તેમજ કનુભાઈ વીઠ્ઠલભાઈ, ભરતભાઈ ના મોટાભાભી તેમજ રામજીભાઈ દુર્લભજીભાઈ વકાણી તથા લક્ષ્મણભાઈના મોટાબેનનું તા.૧૧/૯/૧૭ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૧૫/૯ને શુક્રવારના રોજ પીઠવડી મુકામે રાખેલ છે.

પાંચતલાવડા,

મોઢ ચાર્તુવેદી (ચુ.સ) બ્રાહ્મણ પાંચતલાવડા નિવાસી હાલ ટીંબી સ્વ.દિનકરાય પ્રેમજીભાઈ જાનીના પત્નિ હીરાબેન ઉ.વ.૮૩ તે બિપિનભાઈ, અરવિંદભાઈ, મહાસુખભાઈ, ચીમનભાઈના માતૃશ્રી, બંધારડા નિવાસી સ્વ.ભાયશંકર પ્રાણજીવન ત્રિવેદીની દીકરીનું તા.૧૦/૯ના રોજ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૧૪/૯ગુરૂવાર સવારે ૯ થી ૫ ટીંબી મુકામે રાખેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. તા.૧૬/૯શનિવારના રોજ પાંચતલાવડા મુકામે બપોરે ૨ થી ૫ રાખેલ છે.

અમરેલી,

લાખાપાદર નિવાસી હાલ અમરેલી ઠાકર રાજેશભાઈ ભુપતરાય તેમજ રસિકભાઈ ભુપતરાય ઠાકરનાં માતૃશ્રી ઠાકર પ્રફુલાબેન ભુપતરાયનું તા.૧૦/૯ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૪/૦૯ને ગુરૂવારના રોજ અમારા નિવાસ સ્થાન યમુનાકુંજ ખોડલધામ સોસાયટી લીલીયા રોડ અમરેલી ખાતે બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન રાખેલ છે.

જાફરાબાદ,

જાફરાબાદ રહેવાસી ખારવા લખમણભાઈ રાજાભાઈ બારૈયા ઉ.વ.૫૮ તે રાજીબેન લખમણભાઈ બારૈયાના પતિ તેમજ પરસોતમભાઈ, દેવચંદ્રભાઈ, તુલસીભાઈ, ભરતભાઈ, કંલાવતીબેનના પિતાશ્રી રામચરણ પામેલ છે.

પહેલા પાનાનું

### શ્રી નારણભાઇ કાછડીયા

છે.

સાંસદશ્રીએ જણાવેલ છે કે, કેન્દ્રમાં રહેલ નરેન્દ્રભાઈની સરકારે ખેડૂત હીત માટે અનેક મહત્વના અને હિતકારી નિણ×યો લીધેલ છે. જેમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતગ×ત ખેડૂતોને વાવણી થી લણણી સુધીના સમય દરમ્યાન થયેલ આકસ્મિક નુકશાનમાં વળતર મળી રહે છે. ૧૪ લાખ ખેડૂતોને ૧ ટકા વ્યાજના દરે લોન સહાય આપેલ છે. નમ×દા ડેમની ઉંચાઈ વધારવાની મંજુરી થી તેના પાણીનો સિધો જ ફાયદો ખેડૂતોને થનાર છે. ઉપરાંત સૌની યોજના અંતગ×ત રાજયમાં કુલ ૧૧૫ ડેમો ભરવાના છે જે પૈકી અમરેલી જીલ્લાના ૧૫ ડેમો ભરાશે, જેનો સિધો જ ફાયદો હજારો ખેડૂતોને અને લાખો એકર જમીનને થશે તથા ખેડૂતોને ઓછા ખચે× સારૂ ઉત્પાદન મળી રહે તે માટે સોઈલ હેલ્થ કાડ× અમલમાં મુકવામાં આવ્યા છે અને ક૦ષિ ટપક સિંચાઈમાં ૫૯ ટકા સબસીડી વધારીને ૬૯ ટકા કરવામાં આવી જેમાં અનુ.જાતિ માટે ૬૫ ટકા થી વધારી ૭૫ ટકા કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા પણ ખેડૂતોને ભુંડ અને રોઝના ત્રાસ માંથી મુકતી મળી રહે તે હેતુ થી તાર ફેસીંગની યોજના અમલમાં મુકવામાં આવી છે તથા બાગાયતી પાકોમાં પણ સબસીડીનું આયોજન કરવામાં આવ્યુ છે.

ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે આવા મહત્વકાંક્ષી અને ક્રાંતિકારી નિણ×યો થકી કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદીની અને રાજયની વિજયભાઈ રૂપાણીની સરકારે ખૂબ જ સરાહનીય પ્રયત્નો હાથ ધયા× છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા બાદ તેમના જન્મ દિવસ નિમિતે પ્રથમ વખત અમરેલી જીલ્લામાં પધારી રહયા છે ત્યારે અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ શ્રી નરેન્દ્રભાઈને સત્કારવા જીલ્લાના ખેડૂતોને આગામી તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ અમરેલી ખાતે ફોરવડ× હાસ્કુલના મેદાનમાં બપોરે ૨:૩૯ કલાકે બહોળી સંખ્યામાં પધારવા ભાવભયુ× નિમંત્રણ પાઠવેલ છે.

### બેઠકનું આયોજન

અધ્યક્ષસ્થાને સર્વસમાજની બેઠકનું આયોજન જિલ્લાભાજપ પ્રમુખ હિરેનભાઈ હિરપરા, પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી, દિનેશભાઈ પોપટ, જીતુભાઈ ડેર ઉપસ્થિતમાં વિવિધ સમાજ, વિવિધ વેપારીઓ, એનજીઓ સાથે સંકળાયેલા તમામ આગેવાનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ અપાયું છે.

# વડીયામાં લો વોલ્ટેજનો પ્રશ્ન હલ કરાવતાં ધારાસભ્ય શ્રી ઊંઘાડ

વડીયા, વડીયાના સુરગપરા પટેલ લાઈન વિસ્તારમાં ઘણા વર્ષોથી લો વોલ્ટેજની સમસ્યા હતી. જેથી ઈલેકટ્રીક સાધનો બળી જવાના કારણે નુકશાન થતું તેમજ ઊનાળામાં પંખા સાવ ધીમા ચાલતા અને લો વોલ્ટેજના કારણે તમામ લોકો તોબા પોકારી ગયા હતાં. જેથી આ વિસ્તારના વિપુલભાઈ રાંક, તુષારભાઈ ગણાત્રા, મનિષભાઈ ધોલરીયા, વિજયભાઈ વેકરીયા, નારણભાઈ ઢોલરીયા, હરેશભાઈ ચુડાસમા, રાવતભાઈ ડેર, રાજુભાઈ નાગાણી, દુર્લભભાઈ નાગાણી, લાલભાઈ નાગાણી, ભીખાભાઈ સતાસીયા, મનિષભાઈ ગોગળા, દિલિપભાઈ ડેર, વિક્રમભાઈ સોજીત્રા, અશોકભાઈ વસોયા, પ્રકાશભાઈ હરખાણી, અશોકભાઈ વસોયા, ચંદુભાઈ કથીરીયા, ધારાસભ્ય બાવકુભાઈ ઊંઘાડને રજૂઆત કરતાં સ્પેશિયલ કેસ તરીકે રૂબરૂ ગાંધીનગર જઈ આ પટેલ લાઈન વિસ્તારમાં નવું ટીચી મુકવા જણાવેલ અને આ વિસ્તારમાં ૬ લાખના ખર્ચે લો વોલ્ટેજ દુર કરવાની કામગીર થશે આ વિસ્તારના લોકોએ વર્ષો જુનો પ્રશ્નો હલ થતાં ધારાસભ્ય બાવકુભાઈ ઊંઘાડનો આભાર વ્યક્ત કરેલ.

### લોહાણા મહાપરિષદ દ્વારા આયોજીત રાષ્ટ્રીય ટુર્નામેન્ટ અંતર્ગત

# અમરેલી જિલ્લાના રઘુવંશી ખેલાડીઓની રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ માટે બાબરા ખાતે પસંદગી કરવામાં આવશે

**અમરેલી જિલ્લા ઉપાધ્યક્ષ રિષિભાઇ રૂપારેલીયા-મેહુલભાઇ વણજારા દ્વારા આયોજન કરવામાં આવશે**

બાબરા,

લોહાણા મહાપરિષદ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૪ થી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનું આગામી તા.૫/૬/૭/જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે જેમાં ૭ વિભાગો વચ્ચે લેધર(સીઝન) બોલથી ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે આ રાષ્ટ્રીય ટુર્નામેન્ટના સંદર્ભે સૌરાષ્ટ્ર વિભાગની ટીમના ભાગરૂપે અમરેલી જિલ્લાના રઘુવંશી પ્લેયર્સનું સિલેકશન આગામી તા.૧૭/૯રવિવારના બપોરના ૩ કલાકથી બાબરા કમળશી હાઈસ્કુલ ગ્રાઉન્ડમાં યોજાશે.

આ સિલેકશનમાં ભાગ લેવા ઈચ્છુક ૧૮ થી ૪૦ વર્ષના ફક્ત રઘુવંશી સમાજના ખેલાડીઓએ પોતાના આઈ.ડી.પ્રૂફ તેમજ પોતાની ક્રિકેટ કીટ સાથે હાજર રહેવાનું રહેશે.

આ સિલેકશનમાં લોહાણા પરિષદ રમત-ગમત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ પિયુષભાઈ મજીઠીયા, જયેશભાઈ પ્રકાશભાઈ સહિતના સિલેકટરો ઉપસ્થિત રહેશે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અમરેલી જિલ્લા રમત-ગમત સમિતિના ઉપાધ્યક્ષ રિષિભાઈ રૂપારેલીયા અને મંત્રી મેહુલભાઈ વણજારા દ્વારા કરવામાં આવેલ છે વધુ વિગત માટે રિષિભાઈ રૂપારેલીયા મો:-૯૪૨૯૬ ૮૯૯૦૦ ઉપર સંપર્ક કરવો.

**Change the Name**

OLD NAME
JITENDRAKUMAR
NAGAJIBHAI
JOGADIYA

NEW NAME
JITENDRABHAI
NAGAJIBHAI JOGADIYA

Address :- AT.Amreli - B/2 Raghuvanshi Socicty near Radhika hospital Chital Road, Amreli

**જાહેરાત**

અમરેલી જીલ્લા ગ્રામ પંચાયત પટ્ટાવાળા યુનિયન દ્વારા આગામી તા.૧૫-૯-૨૦૧૭ના રોજ બાબરા ખાતે બાબરા મામલતદારને આવેદન પત્ર આપવાનું હોય બાબરા તાલુકાના ગ્રામ પંચાયતના પટ્ટાવાળાને કોઈ પણ જાતની નોટીસ આપ્યા વગર છુટ્ટા કરેલ તે તમામ પટ્ટાવાળાએ બાબરા બ્રહ્મ સમાજની વાડી ગાયત્રી મંદિર ખાતે હાજર રહેવુ.

પ્રમુખ
મુળુભાઇ નાજાભાઇ બડમલીયા
અમરેલી જીલ્લા ગ્રામ પંચાયત પટ્ટાવાળા યુનીયન

લાયસન્સ માટે મળો
આર.ટી.ઓ તથા વિમા સલાહકાર પ્રિન્સ ઓટો એડવાઇઝર
જિ.પંચાયત રોડ સરદાર કોમ્પ્લેક્ષ દુ.નં.૭૬: ભરતભાઇ બારોટ અમરેલી : ૮૬ ૯૦૨ ૮૦ ૮૦
પ્રીન્સ ઓરકેસ્ટ્રા
આપને ત્યા આવતા શુભ લગ્ન પ્રસંગે લગ્નગીત, દાંડીયારાસ, રિસેપ્સન તથા ઓરકેસ્ટ્રાના તમામ સ્ટેજ પ્રોગ્રામ માટે મળો મો.૯૮૨૫૬ ૩૦૭૭૩

મીરા ફર્નિચર
વિપુલ જે. સૌંડાગર
Mo. 099245 56258
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, અર્જુન પાનની સામે, અમરેલી



# દુઃખદ અવસાન
## બેસણું



**અ.નિ.ભાવેશકુમાર લક્ષ્મણભાઇ સાંગાણી (ઉ.વ.૩૩)**
**અનિ.તા.૧૨-૯-૨૦૧૭ મંગળવાર**

દિલગીરી સાથ જણાવવાનું કે, અમેરીકા નિવાસી અમારા જમાઈ ભાવેશકુમાર લક્ષ્મણભાઈ સાંગાણી (ઉ.વ.-૩૩) નું તારીખ ૧૨-૦૯-૨૦૧૭, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે પરમ કૃપાળુ શ્રીજી મહારાજ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે

**::::::: સદગતનું બેસણું :::::::**
**તા.૧૪-૦૯-૨૦૧૭ ને ગુરૂવારના રોજ સવારના ૯ થી સાંજના ૬ કલાક સુધી ગામ દેવરાજીયા તા.અમરેલી મુકામે રાખેલ છે**

લી.

**કાંતિભાઇ કેશવભાઇ વેકરીયા (સસરા)**
**વ્રજ ભાવેશકુમાર સાંગાણી (પુત્ર)**
**ઉમેશભાઇ કાંતિભાઇ વેકરીયા (સાળા)**
**કૌશિકભાઇ કાંતિભાઇ વેકરીયા (સાળા)**
(મહામંત્રી જીલ્લા ભાજપ અમરેલી)

**સમગ્ર વેકરીયા પરિવારના જય સ્વામીનારાયણ**




લોક હૃદયમાં વસેલા આપણા પોતીકા અખબાર
# અવધ ટાઇમ્સને ૨૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે
## હાર્દિક શુભકામનાઓ...

અમરેલી જીલ્લાના નંબર વન અખબાર અવધ ટાઇમ્સ દૈનિક ૨૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે ત્યારે અવધ ટાઇમ્સ પરિવાર દીન પ્રતીદીન પ્રગતીના સોપાનો સર કરે તેવી અમારી શુભકામનાઓ...

શુભેચ્છક

## બાલક્રિષ્ના ગૃપ - રાજુલા

જે.બી.ભાઇ લાખણોત્રા - સાર્દુળ ડી.લાખણોત્રા - કાળુ ડી.લાખણોત્રા

